
Thursday, 30 April 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥




તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૧૬ ● સંવત-૨૦૮૨ વૈશાખ સુદ ચૌદશ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દાદરા નગર હવેલીના સાંસદ કલાબેન ડેલકરે સેલવાસના બજાર અને માર્કેટની લીધી ઔપચારિક મુલાકાતઃ વેપારીઓની સાંભળેલી વ્યથા



### છેલ્લા ઘણાં સમયથી કેટલાક રસ્તાઓના અધૂરા કામો અને પાણી તથા ગંદકી જેવી ગંભીર સમસ્યાઓ ઉકેલવા અધિકારીઓને આપેલી સૂચના





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૯**

દાદરા નગર હવેલીના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરે આજે સેલવાસ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને મુલાકાત લીધી હતી અને વિકાસકાર્યો તથા લોકોની સમાસ્યાઓ જાણી હતી. નિરીક્ષણ દરમિયાન પાલિકા ઈજનેર સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરે તેમની સેલવાસ મુલાકાત પહેલાં કિલવણી નાકા શાકભાજી માર્કેટમાં જઈ ત્યાંના વેપારીઓની વાતોને સાંભળી હતી. વેપારીઓએ સાંસદશ્રીને તેમની મૂળભૂત સુવિધાઓ બાબતે પડતી સમસ્યાઓ અંગે જાણકારી આપી હતી. દરમિયાન લોકોએ ફરિયાદ પણ કરી હતી કે, અહી પાણીની ઘણી જ તકલીફ છે અને પીવાનું પાણી પણ નિયમિત રૂપે ઉપલબ્ધ નથી થતું. ત્યારબાદ શૌચાલયમાં ગંદકી અને વહેતા ગંદા પાણીના કારણે બીમારીઓ અને દુર્ગંધ આવે છે. સાંસદશ્રીએ આ ફરિયાદ સાંભળી સમસ્યાઓનો તાત્કાલિક નિકાલ કરવા સેલવાસ નગરપાલિકાની ટીમને નિર્દેશો આપ્યા હતા અને પાણી સપ્લાય અને ડ્રેનેજ સિસ્ટમની સમસ્યાને તાત્કાલિક રીપેર કરવા જણાવ્યું હતું.

સાંસદશ્રીએ રસ્તાઓના નિર્માણકાર્યમાં ચાલી રહેલી ઢીલાશ સંદર્ભે પણ અધિકારીઓને ઠપકો આપ્યો હતો અને રસ્તાના ટેન્ડરોની પ્રક્રિયા માર્ચ મહિનામાં જ પૂર્ણ કરવામાં આવેલ હોવા છતાં પણ રસ્તાના કામો અધૂરા રાખવા બાબતે સવાલ પૂછ્યો હતો. આ સવાલના જવાબમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, મે મહિનાના અંત સુધીમાં શહેરના મુખ્ય રસ્તાઓના કામો પૂર્ણ કરી દેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સેલવાસ શહેરમાં જ્યાં જુઓ ત્યાં કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તાઓના કામો અધૂરા છોડી દેવામાં આવ્યા છે જેના કારણે રાહદારીઓ સહિત વાહનચાલકો અને દાનહવાસીઓ ભારે પરેશાનીઓનો સામનો કરી રહ્યા છે. મે મહિનાના અંતમાં ચોમાસાની સીઝન શરૂ થઈ જશે અને જો તે પહેલાં રસ્તાઓના કામો પૂર્ણ નહિ થશે તો શહેરના લોકોની હાલત ઔર વધુ કફોડી બનશે એમાં જવાબદાર કોણ એવા પ્રશ્નો પણ છેલ્લા ઘણાં વર્ષોથી ઉઠી રહ્યા છે.

## દમણની ઋષિ પેકેજિંગ કંપનીમાં લાગેલી ભીષણ આગઃ આસપાસના વિસ્તારમાં મચેલી અફરાતફરી

### ફાયરબ્રિગેડના જવાનોએ સતત પાણીનો મારો ચલાવી સખત પરિશ્રમ બાદ આગને કાબુમાં લીધીઃ આગ લાગવાનું કારણ અકબંધ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૯**

દમણના ભીમપોરની સિલ્વર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ઋષિ પેકેજિંગ કંપનીમાં કોઈક કારણો સર આજે બુધવારે ભીષણ આગ ફાટી નિકળી હતી, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક રહેવાસીઓએ તાત્કાલિક વહીવટીતંત્ર અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી, જેના કારણે બચાવ અને રાહત કામગીરી શરૂ થઈ હતી.

માહિતી મળતાં, દમણ ફાયર બ્રિગેડના વાહનો ઘટના સ્થળે ફટાફટ ધસી આવ્યા હતા અને ફાયર બ્રિગેડના જવાનોએ સતત પાણીનો મારો ચલાવી ઘણી જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગની ઘટનામાં સદ્‌નસીબે, કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હતી. સમયસર આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની માહિતી મળતાં, પોલીસ તંત્ર પણ તાત્કાલિક કાર્યવાહીમાં જોડાયું હતું. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને સમગ્ર ઘટના પર નજર રાખી પોલીસે આસપાસનો વિસ્તાર ખાલી કરાવ્યો હતો અને કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. પ્રાથમિક તપાસમાં હજુ સુધી આગનું કારણ જાણવા મળ્યું નથી.

### પારિવારિક વિવાદમાં

## સેલવાસના ચાનનદેવી રોડ સ્થિત ત્રણ માળની ગેરકાયદેસર બિલ્ડીંગનું ન.પા.એ કર્યું ડિમોલિશન



### સેલવાસ ન.પા.ની ડિમોલીશન કાર્યવાહીથી આજુબાજુના વિસ્તારમાં સર્જાયેલો ભયનો માહોલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૯**

સેલવાસ નગરપાલિકા દ્વારા ચાનનદેવી રોડ પર આવેલ ગેરકાયદેસર ત્રણ માળના મકાનનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. આ મકાનમાં ૩૬ રૂમો હતી. આ કાર્યવાહી પાછળ પારિવારિક વિવાદ હોવાનું જાણવા મળ્યું છે.

ચાનનદેવી રોડ નિવાસી બે ભાઈઓ જગન્નાથ મોર્ય અને સુરેશ મોર્ય વચ્ચે ઘણા લાંબા સમયથી સંપત્તિને લઈ વિવાદ ચાલી રહ્યો હતો. જેથી જગન્નાથ મોર્યએ નગરપાલિકામાં ફરિયાદ કરી હતી કે મારા ભાઈ દ્વારા બનાવવામાં આવેલ ત્રણ માળની બિલ્ડીંગ કોઈપણ અધિકારિક અનુમતિ પરમિશન વગર ગેરકાયદેસર બનાવવામાં આવેલ છે. આ ફરિયાદને ગંભીરતાથી લઈ નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા તપાસ કરાવતા વાસ્તવમાં કોઈપણ જાતની પરમિશન વગર જ આખું બિલ્ડીંગ ઉભુ કરી ગેરકાયદેસર હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૨૫માં પ્રશાસન દ્વારા આ મકાનને હટાવવા માટે નોટિસ જારી કરવામા આવી હતી. પાલિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર એક અઠવાડિયા પહેલા નગરપાલિકાના ચીફ ઓફિસર એમની ટીમ સાથે ડિમોલિશનની પ્રક્રિયા માટે ગયા હતા તે સમયે મકાન માલિકે પોતે જ ખાલી કરવા માટે એક અઠવાડિયાની મુદત માંગી હતી. મુદત પુરી થઈ ગયા છતાં પણ મકાન માલિક દ્વારા મકાન ખાલી ન કરતા પ્રશાસન દ્વારા સખ્તી અપનાવી પાલિકાના એક્ઝિક્યુટીવ ઈજનેર સોહેલ મેકવાન અને ઈજનેર વિજય સોલંકી પાલિકાની ટીમ પોલીસ ટીમ સાથે સ્થળ પર પહોંચી પહેલા ત્યાં રહેતા લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ જેસીબીના મદદથી ડિમોલીશનની પ્રક્રિયા શરૂ કરી હતી.

સેલવાસ ન.પા.ની આ કાર્યવાહી બાદ આજુબાજુના વિસ્તારમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. નગરપાલિકાના અધિકારીઓએ સ્પષ્ટ સંકેત આપ્યા કે આ વિસ્તારમાં કોઈપણ પ્રકારના ગેરકાયદેસર નિર્માણ ચલાવવામાં આવશે નહિ અને આવનાર દિવસોમાં આવી અન્ય ઈમારતો પર પણ કાર્યવાહી ચાલુ રહેશે.

### રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ અને દમણ બાર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે

## આજે કચીગામ પંચાયતમાં કાનૂની સાક્ષરતા શિબિર યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૯**

રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ અને દમણ બાર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આવતી કાલે ગુરુવારે સવારે ૦૯:૪૫ વાગ્યે કચીગામ ગ્રામ પંચાયતમાં કાનૂની સાક્ષરતા શિબિર યોજાશે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ અને દમણ બાર એસોસિએશન દ્વારા ગુરુવારે સવારે ૦૯:૪૫ વાગ્યે કચીગામ ગ્રામ પંચાયતમાં આયોજિત આ કાનૂની સાક્ષરતા શિબિરમાં યુવા એડવોકેટ શ્રી મયંક પટેલ સ્કીલ ઈન્ડિયા મિશન, ટેકનોલોજી અને ડિજિટલ કૌશલ્ય તાલીમ અને પીએમ વન ધન યોજના વિશે માહિતી આપશે. એડવોકેટ શ્રી અલ્પેશ આર. દમણિયા NALSA હેઠળ ડ્રગ ફ્રી ઈન્ડિયા યોજના વિશે માહિતી આપશે. એડવોકેટ માનસી પરમાર બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો વિશે જાગૃતિ ફેલાવશે, જ્યારે એડવોકેટ નેહા પટેલ ઘરેલુ હિંસા કાયદા, મહિલાઓ માટેના અધિકારો અને દહેજ પ્રથા વિશે જાગૃતિ લાવશે. આ કાનૂની શિબિરમાં મોટી સંખ્યામાં લોકોને ઉપસ્થિત રહેવા આહ્‌વાન કરવામાં આવ્યું છે.

## દાનહના મસાટ ગ્રામ પંચાયતમાં કાનૂની જાગરૂકતા શિબિર યોજાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સેલવાસ, તા.૨૯:** દાદરા નગર હવેલીના મસાટ પંચાયતમાં ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસીઝ ઓથોરિટી, સેલવાસ દ્વારા જિલ્લા અને સત્ર ન્યાયાધીશ શ્રીમતી વિભા ઈંગ્લે અને મુખ્ય ન્યાયાધીશ શ્રી જયદેવ ધુલેના માર્ગદર્શનમાં કાનૂની જાગરૂકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એડવોકેટ શ્રી અનિલ બાગુલે નાલસા હાંસિયામાં રહેલ કમજોર આદિવાસીઓ અને અછૂત જનજાતિઓ માટે ન્યાય સુધી પહોંચને આસાન બનાવવા સ્કીમ ૨૦૨૫ અંગે વિગતવાર જાણકારી આપી હતી. એડવોકેટ શ્રી રાજ ભંડારીએ ડ્રગ અવેરનેસ અને વેલફેર ગાઈડન્સ ફોર એ ડ્રગ ફ્રી ઈન્ડિયા સ્કીમ અવેરનેસ સપોર્ટ, હેલ્થ એન્ડ એક્શન અને કેમપેઈન અંગે જાણકારી આપી હતી. જે માણસ-જાનવર સંઘર્ષથી પિડિતને ન્યાય અપાવવા માટે છે. એડવોકેટ શ્રી પ્રિયાંક જાદવે નાલસા અવેરનેસ જસ્ટિસ અવેરનેસ ફોર ગ્રાસરૂટ્સ ઈન્ફોર્મેશન એન્ડ ટ્રાન્સપરન્સી સ્કીમ અંગે જાણકારી આપી. આ અવસરે મસાટ પંચાયતના સરપંચ, સ્ટાફ ગ્રામજનો અને ડીએલએસએના અધિક્ષક શ્રી સંતોષ શેલાર અને સહ અધિક્ષક શ્રી અનિરુદ્ધ પગડેની દેખરેખમાં કાર્યક્રમનું સમાપન થયું હતું.

## પ્લાસ્ટિકના નાના પાઉચ પર સંપૂર્ણ પ્રતિબંધની તૈયારી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૯**

જો તમે પાન મસાલા કે ગુટખાના શોખીન છો, તો ટૂંક સમયમાં તમને આ પ્રોડક્ટ્સ નવા અવતારમાં જોવા મળશે.

પર્યાવરણ અને જાહેર સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર હવે પ્લાસ્ટિકના નાના પાઉચ (સેશે) પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહી છે.

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI) દ્વારા ખાદ્ય સુરક્ષા અને માનક (પેકેજિંગ) સુધારા નિયમ, ૨૦૨૬નો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નિયમનો હેતુ પાન મસાલા ઉદ્યોગમાંથી પ્લાસ્ટિકનો વપરાશ જડમૂળથી ખતમ કરવાનો છે.

નવા ડ્રાફ્ટ મુજબ કોઈપણ પ્રકારના પ્લાસ્ટિક પેકેટ કે સેશે પર પ્રતિબંધ રહેશે. ઉપરાંત પોલીથીન, પીવીસી (PVC) કે અન્ય સિન્થેટિક મટીરિયલ, ચમકદાર એલ્યુમિનિયમ ફોઈલ પેકેજિંગનો ઉપયોગ કરી શકાશે નહી. માત્ર વેચાણ જ નહીં, પણ આ ઉત્પાદનોના પેકેજિંગ, સ્ટોરેજ અને વિતરણમાં પણ પ્લાસ્ટિકના ઉપયોગ પર કડક મનાઈ ફરમાવવામાં આવશે. પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે સરકારે કુદરતી અને રિસાયકલ થઈ શકે તેવી સામગ્રીના પ્રયોગ માટેની છૂટ આપી શકે છે. જેમાં પેપર અથવા પેપર બોર્ડ, સેલ્યુલોઝ જેવી કુદરતી સામગ્રી, ટીન કન્ટેનર અથવા કાચની બોટલ/ડબ્બાનો ઉપયોગ કરી શકાશે.

પાન મસાલાના નાના પ્લાસ્ટિક પાઉચ ગમે ત્યાં ફેંકવાને કારણે ગટરો જામ થાય છે અને પર્યાવરણને ભારે નુકસાન થાય છે. આ કચરાનો નિકાલ કરવો લગભગ અશક્ય હોય છે. કુદરતી પેકેજિંગથી આ પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે. FSSAI એ આ ડ્રાફ્ટ જાહેર કરીને આગામી ૩૦ દિવસમાં જનતા અને ઉદ્યોગ જગત પાસેથી સૂચનો અને વાંધાઓ મંગાવ્યા છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સરકાર તેને કાયદા તરીકે લાગુ કરશે.




## સુવિચાર - સદ્‌વિચાર

સ્વાસ્થ્ય અને સંસ્કાર બંને જીવન માટે મહત્વના છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### હાર અને જીત જીવનનાં પાસાંઓ

હાર અને જીત જીવનના પાસા બની ગયા છે,
ક્યારે મનથી હારી જઈએ છીએ તો
ક્યારે દિલથી જીતી જઈએ છીએ..

ક્યારે અપમાનથી હારી જઈએ છીએ તો
ક્યારે સમ્માનથી જીતી જઈએ છીએ..

ક્યારે યાદોમાં હારી જઈએ છીએ તો
ક્યારે સપનાંમાં જીતી જઈએ છીએ...

આ એક ચક્રવ્યૂહ છે જેમાં આપણે ફસાયા છીએ..
બહાર નીકળવાનો માર્ગ એક જ છે.. સમજણ પૂર્વકની મહેનત..!!!

કે એટલે જ તો કહેવાય છે કે
''માની લઈને તો હાર છે પણ જો ઠાની લઈએ તો જીત છે...

**- માનસી ખલાસી**

## આજની જોક

પત્નીને બહુ કામ કરતી જોઈ પતિએ કહ્યું:
બહુ થાકી જાય છે તું બધાં કામ જાતે કરીને.
કામવાળી રાખી દે ને.
પત્ની : ના હો, તમારો કોઈ વિશ્વાસ નહી, ભૂલી ગયા? ૫ વર્ષ પહેલાં હું પણ કામવાળી જ હતી...

## કબીર વાણી

**અજહુ તેરા સબ મિટે, જો જુગ માને હાર,**
**ઘરમે ઝગડા હોત હય, સો ઘર જારહિ દાર.**

**- અર્થાત-**

જો તમો માનો કે આ સંસારમાં મળતી ફતેહો તો બધી હારજ છે, તો સર્વે જંજાળોનો છેડો આજેજ આવી જાય; માટે આ ઘર (શરીર)માં જે ઝઘડો ચાલી રહ્યો છે, અને ઈંદ્રિઓની ખેંચતાણ થયા કરે છે, તેને બાળી નાખો.

## આજનો દિન વિશેષ

### રોહિત શર્મા




રોહિત ગુરુનાથ શર્મા (જન્મ ૩૦ એપ્રિલ ૧૯૮૭) એક ભારતીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટર છે અને રમતના તમામ ફોર્મેટમાં ભારતની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન છે. તે જમણા હાથનો ટોપ-ઓર્ડર બેટ્સમેન છે. તે સ્થાનિક ક્રિકેટમાં મુંબઈ અને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રતિનિધિત્વ કરે છે. શર્મા ૨૦૦૭ ટી૨૦ વર્લ્ડ કપ, ૨૦૧૩ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર ટીમોના સભ્ય હતા અને ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીના વિજેતા કેપ્ટન હતા.

શર્મા પાસે ઘણા બેટિંગ રેકોર્ડ છે જેમાં T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ રન, આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા, ODI ક્રિકેટમાં સૌથી વધુ બેવડી સદી, ક્રિકેટ વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી (૭) અને T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં સંયુક્ત રીતે સૌથી વધુ સદીનો સમાવેશ થાય છે. તેમની પાસે એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ (ODI) માં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર (૨૬૪) નો વિશ્વ રેકોર્ડ પણ છે અને એક જ ક્રિકેટ વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી બનાવવાનો રેકોર્ડ પણ છે, જેના માટે તેમણે ૨૦૧૯ માં ICC મેન્સ ODI ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો હતો. તે બધા ICC ટુર્નામેન્ટ ફાઈનલમાં ટીમનું નેતૃત્વ કરનાર પ્રથમ અને એકમાત્ર કેપ્ટન છે.તેમણે અગાઉ મુંબઈ ઈન્ડિયન્સનું નેતૃત્વ કર્યું હતું અને ટીમે તેમના નેતૃત્વમાં ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૦ માં પાંચ ઈન્ડિયન પ્રીમિયર લીગ ટાઇટલ જીત્યા છે, જેના કારણે તેઓ IPL ઈતિહાસમાં સૌથી સફળ કેપ્ટન બન્યા છે, અને આ રેકોર્ડ એમએસ ધોની સાથે શેર કર્યો છે. તેઓ ૨૦૦૭ માં શરૂઆતના આવૃત્તિથી લઈને ૨૦૨૪ સુધી, T20 વર્લ્ડ કપની દરેક આવૃત્તિમાં રમનારા બે ખેલાડીઓમાંના એક છે. તેઓ બે T20 વર્લ્ડ કપ જીતનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે. તેઓ T20 વર્લ્ડ કપ જીતનાર બીજા ભારતીય કેપ્ટન બન્યા.

## સમર સ્પેશિયલ રેસીપી

**સમર સ્પેશિયલ વરિયાળી શરબત** સામગ્રી: ૧ કપ વરિયાળી, ૧ કપ સાકર/ખાંડ, ૧ ચમચી મરી પાવડર, ૧/૨ ચમચી સંચળ (કાળું મીઠું). **બનાવવાની રીત:** વરિયાળીને પાણીમાં ૨-૩ કલાક પલાળી રાખો. ત્યારબાદ તેને મિક્સરમાં પીસીને ગાળી લો. તેમાં સાકર, મરી પાવડર અને સંચળ ઉમેરી મિક્સ કરો. ઠંડા પાણી સાથે પીરસો.

**૨. કેરીનો રસ :** ૨ કિલો મીઠી કેસર કેરી, ૨ ચમચી ખાંડ, ૧/૨ કપ પાણી/દૂધ. **બનાવવાની રીત:** કેરીને ધોઈ, છોલીને તેનો પલ્પ કાઢો. મિક્સરમાં પલ્પ, ખાંડ અને થોડું પાણી/દૂધ ઉમેરી ઘટ્ટ રસ બનાવો. સૂંઠ પાવડર ઉમેરીને ગાર્નિશ કરો.

**૩. લૌકી દહીં તડકા** : સામગ્રી ૧ નાની દૂધી (છીણેલી), ૨ કપ દહીં, ૨ ચમચી તેલ, રાઈ, જીરું, વરિયાળી, મીઠો લીમડો, હળદર, મરચું, મીઠું. **બનાવવાની રીત:** તેલમાં રાઈ, જીરું, વરિયાળી અને લીમડાનો વઘાર કરો. છીણેલી દૂધી ઉમેરી સાંતળો. દૂધી ચડી જાય પછી ઠંડી કરી દહીં ઉમેરો.

**૪. મસાલા છાસ:** દહીં, પાણી, શેકેલું જીરું, ફુદીના પાવડર, સંચળ, આદુ, કોથમીર. **બનાવવાની રીત :** બધા મસાલા અને દહીં-પાણીને મિક્સરમાં ક્રશ કરી ઠંડી પીરસો.

આ બધી જ વાનગીઓ ગરમીમાં શરીરને ઠંડુ રાખવા માટે ઘરે સરળતાથી બનાવી શકાય છે.

### ૫૬ વર્ષીય આધેડનો પોલીસની હાજરીમાં 'ટપલીદાવ'

# આલુપુરી લેવા ગયેલી ૧૧ વર્ષની બાળકીની છેડતી

**પોલીસ આરોપીને તપાસ માટે ઘટના સ્થળે લાવી, ત્યારે સ્થાનિક મહિલાઓએ કાયદો હાથમાં લઈ નરાધમને બરાબરનો પાઠ ભણાવ્યો હતો**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૨૯**



માનવતાને શર્મસાર કરતી વધુએક ઘટના સુરતના અમરોલી વિસ્તારમાંથી સામે આવી છે. આલુપુરી લેવા ગયેલી એક ૧૧ વર્ષની માસૂમ બાળકી સાથે દાદાની ઉંમરના ૫૬ વર્ષીય આધેડે શારીરિક અડપલાં કર્યા હતા. જોકે, આજે જ્યારે પોલીસ આરોપીને તપાસ માટે ઘટના સ્થળે લાવી, ત્યારે સ્થાનિક મહિલાઓએ કાયદો હાથમાં લઈ નરાધમને બરાબરનો પાઠ ભણાવ્યો હતો.

અમરોલીના સૃષ્ટિ રો-હાઉસ પાસે આવેલા સિટી હાઈટ્સ કોમ્પ્લેક્સમાં શ્રીજી લાઈવ આલુપુરી નામની દુકાન ચલાવતા દિનેશ જીવરાજભાઈ રામાણી (ઉં.વ. ૫૬) એ પોતાની વિકૃત માનસિકતાનું પ્રદર્શન કર્યું હતું. ગતરોજ બપોરે જ્યારે બાળકી એકલી આલુપુરી લેવા ગઈ, ત્યારે આરોપીએ તારા વાળ વિખરાઈ ગયા છે, લાવ સરખા કરી આપું તેમ કહી તેને નજીક બોલાવી હતી. વાળ સરખા કરવાના બહાને આ હવસખોર આધેડે બાળકી સાથે અયોગ્ય છેડછાડ કરી હતી. જો કે અડપલાને કારણે ગભરાયેલી બાળકી ત્યાંથી ભાગી છૂટી અને ઘરે જઈ માતા-પિતાને આપવીતી જણાવી. પરિવારે તુરંત અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પણ તુરંત કાર્યવાહી કરીને તેને ઝડપી લીધો હતો.

અમરોલી પોલીસે ગંભીરતા દાખવી આરોપી દિનેશ રામાણી વિરુદ્ધ છેડતી અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી હતી. આજે જ્યારે પોલીસ આરોપીને લઈને ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કરવા માટે દુકાને પહોંચી, ત્યારે ત્યાં લોકોનું ટોળું ઉમટી પડ્યું હતું. પોતાની દીકરીઓની સુરક્ષાને લઈને ચિંતિત મહિલાઓનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો.

પોલીસની હાજરી હોવા છતાં, ઉશ્કેરાયેલી મહિલાઓએ આરોપીને લાતો મારી હતી અને એક મહિલાએ તો પોતાના શૂઝ કાઢીને નરાધમને ફટકાર્યો હતો. સ્થાનિકોમાં ચર્ચા છે કે આ શખ્સે અગાઉ પણ આવી હરકતો કરી હોઈ શકે છે.

આરોપી: દિનેશ જીવરાજભાઈ રામાણી (મૂળ રહે. જૂનાગઢ).

ગુનો: ૧૧ વર્ષની બાળકીની છેડતી

સ્થળ: શ્રીજી લાઈવ આલુપુરી, અમરોલી, સુરત.

# બ્રોકિંગ પ્લેટફોર્મ સાહીએ ૩૩ મિલિયન ડોલરનું સીરીસ-બી ફંડિંગ મેળવ્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૨૯**



પરફોર્મન્સ-ડ્રિવન ટ્રેડર્સ માટે બનાવાયેલા બ્રોકિંગ પ્લેટફોર્મ સાહીએ આજે જાહેરાત કરી કે તેણે ૩૩ મિલિયન ડોલરનું સીરીસ-બી ફંડિંગ રાઉન્ડ પૂર્ણ કર્યુ છે. જેનું નેતૃત્વ અગ્રણી વેન્ચર કેપિટલ ફંડ એક્સેલે કર્યુ હતું તથા એલિવેશન કેપિટલે તેમાં ભાગ લીધો હતો.

ઓગસ્ટ ૨૦૨૩માં ડેલ વાઝ અને મનીશ જૈન દ્વારા સ્થાપિત સાહી એનએસઈ અને બીએસઈમાં નોંધાયેલી બ્રોકર છે, સાહીએ પોતાની સંપૂર્ણ ટ્રેડિંગ સ્ટેકને શૂન્યથી તૈયાર કર્યું છે, જેમાં પ્રોપ્રાયટરી ચાર્ટિંગ, ઓર્ડર એક્ઝિક્યુશન અને રિસ્ક મેનેમેજન્ટ માટેની ઓટોમેશન સુવિધાઓનો સમાવેશ થાય છે, જે ખાસ કરીને એક્ટિવ ડેરિવેટિવ્સ ટ્રેડર્સમાં ખૂબ લોકપ્રિય બની છે. જેમાં ટ્રેડ વોલ્યુમમાં ૨૪ ગણો વધારો અને એક્ટિવ ટ્રેડર્સમાં ૧૯ ગણો વિકાસ થયો છે (એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ દરમિયાન). જેમાં કુલ ૧૩ કરોડથી વધુ ટ્રેડ્સ એક્ઝિક્યુટ થયા છે, જેમાંથી ૮૬ ટકાથી વધુ નાણાંકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન થયા હતા. પ્લેટફોર્મે લગભગ ૪ લાખ ડીમેટ એકાઉન્ટ્સ પણ ઓનબોર્ડ કર્યા છે, જે આ નવા ફંડિંગ રાઉન્ડ માટે મજબૂત પાયો તૈયાર કરે છે.

કો-ફાઉન્ડર અને સીઈઓ ડેલ વાઝે જણાવ્યું હતું કે, 'ભારતમાં ૪૫ મિલિયનથી વધુ એક્ટિવ ઈન્વેસ્ટર એકાઉન્ટ્સ છે, અમે સાહી બનાવ્યું કારણ કે અમને વિશ્વાસ છે કે રિટેલ રોકાણકારો અને ટ્રેડર્સ વધુ સારા પ્લેટફોર્મના હકદાર છે.

આ એક સ્પષ્ટ અને સરળ યુઆઈ, ઝડપી એક્ઝિક્યુશન, પ્રોફેશનલ સ્તરની ઈન્સાઈટ્સ અને એક એવું પ્લેટફોર્મ છે જે તેમને આત્મવિશ્વાસ અને સ્પષ્ટતા સાથે ટ્રેડ કરવામાં મદદ કરે. આ ફંડિંગ અમને આ દિશામાં વધુ આગળ વધવા માટે સક્ષમ બનાવે છે.

# સુરતના કતારગામમાં દર્દીને લઈ જતી એમ્બ્યુલન્સ ડિવાઈડર પર ચડી

**અકસ્માત બાદ દર્દીને તાત્કાલિક નજીકની કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને તાત્કાલિક સારવાર આપવામાં આવી**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૨૯**




સુરતના કતારગામ વિસ્તારમાં કિરણ હોસ્પિટલની નજીક બહાદુરસિંહ બ્રિજ પર એક ચોંકાવનારી ઘટના બની છે. દર્દીને લઈ જતી એમ્બ્યુલન્સ અન્ય વાહનને ઓવરટેક કરવા જતાં ડિવાઈડર પર ચડી ગઈ હતી. આ અકસ્માતમાં એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ જવામાં આવતા વૃદ્ધ દર્દીને કોઈ ગંભીર ઈજા ન પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત બાદ દર્દીને તાત્કાલિક નજીકની કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને તાત્કાલિક સારવાર આપવામાં આવી.સુરતના કતારગામ વિસ્તારમાં આવેલ બહાદુરસિંહ બ્રિજ પર આ ઘટના બની હતી.એમ્બ્યુલન્સ ડ્રાઈવર અન્ય વાહનને ઓવરટેક કરવાના પ્રયાસમાં નિયંત્રણ ગુમાવી બેઠો અને રસ્તાના મધ્યમાં આવેલા ડિવાઈડર પર ચડી ગઈ. અકસ્માતના કારણે એમ્બ્યુલન્સ ડિવાઈડરમાં ફસાઈ ગઈ હતી.

ઘટનાસ્થળે તરત જ સ્થાનિક લોકો એકઠા થયા અને ફસાયેલી એમ્બ્યુલન્સને ડિવાઈડર પરથી હટાવવા માટે જહેમત ઉઠાવી. લોકોના સહયોગથી એમ્બ્યુલન્સને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી.એમ્બ્યુલન્સમાં એક વૃદ્ધ દર્દી સારવાર માટે લઈ જવામાં આવી રહ્યા હતા. અકસ્માત બાદ તેમની તબિયતને ધ્યાનમાં લઈને તાત્કાલિક બાજુમાં આવેલી કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.સ્થાનિક ટ્રાફિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

### તસ્કરીનું મોટું નેટવર્ક હોવાની આશંકા

# ચિલોડા હાઈવે પર રુ.૧ લાખના હાથીદાંત સાથે રાજસ્થાની એક યુવક ઝડપાયો



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર,તા.૨૯**

ગાંધીનગર જિલ્લાની ચિલોડા પોલીસે નેશનલ હાઈવે ૪૮ પર હાથ ધરેલા વાહન ચેકિંગ દરમિયાન વન્યજીવ તસ્કરીના એક મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે ચંદ્રાલાકા પોઈન્ટ પાસે એક ખાનગી લક્ઝરી બસની તપાસ દરમિયાન ૩૧ વર્ષીય યુવક પાસેથી અંદાજે ૧ લાખ રૂપિયાની કિંમતના હાથીના બે શંકાસ્પદ દાંત જપ્ત કર્યા છે. આ મામલે વન વિભાગની ટીમ સક્રિય થઈ છે અને જપ્ત કરાયેલા દાંત અસલી છે કે કેમ તેની ફોરેન્સિક તપાસ હાથ ધરવામાં આવશે.

ચિલોડા પોલીસની ટીમ હિંમતનગર-ચિલોડા હાઈવે પર આવેલી એક હોટલ પાસે વોચમાં હતી. આ દરમિયાન હિંમતનગર તરફથી આવતી ખાનગી ટ્રાવેલ્સને રોકીને મુસાફરોના સામાનની તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન એક યુવકના થેલામાંથી સફેદ રંગના શંકાસ્પદ હાથીના દાંત મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

પોલીસે આ મામલે યશ ગોપાલભાઈ વોરા નામના શખસની ધરપકડ કરી છે. આરોપી મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાનો વતની છે અને હાલમાં મુંબઈના નવી મુંબઈ વિસ્તારમાં રહેતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેની પાસેથી ૧ લાખની કિંમતના હાથીના બે દાંત અને ૧૦,૦૦૦નો મોબાઈલ મળી કુલ ૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ ઘટના વન્યજીવ સુરક્ષા સાથે જોડાયેલી હોવાથી ગાંધીનગર વન વિભાગને જાણ કરવામાં આવી છે. વન વિભાગ આ દાંતની લેબોરેટરી તપાસ કરાવશે. જો આ દાંત અસલી સાબિત થશે, તો આરોપી વિરુદ્ધ 'વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ' (વન્યજીવ સંરક્ષણ અધિનિયમ) ની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે.

પોલીસ અને વન વિભાગ હવે એ દિશામાં તપાસ કરી રહ્યા છે કે, આરોપી આ શંકાસ્પદ હાથીના દાંત ક્યાંથી લાવ્યો હતો અને મુંબઈમાં કોને સપ્લાય કરવાનો હતો? પોલીસને આશંકા છે કે આમાં કોઈ આંતરરાજ્ય વન્યજીવ તસ્કરીનું મોટું નેટવર્ક કાર્યરત હોઈ શકે છે. હાલમાં ચિલોડા પોલીસે ભારતીય ન્યાય સંહિતા(BNS)ની જોગવાઈઓ હેઠળ આરોપીની અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

# હિંમતનગર હાઈવે રક્ત રંજિત, જસવંતગઢ પાસે મીની બસે કારને ફંગોળી

**જસવંતગઢ પાટીયા પાસે મીની બસે કારને અડફેટે લેતા ૬ લોકોના મોત થયા છે અને ૬ ઘાયલ થયા છે. ગાંભોઈ પોલીસે તપાસ શરૂ કરી છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સાબરકાંઠા,તા.૨૯**

હિમતનગર-શામળાજી હાઈવે પર આજે ફરી એકવાર રક્તરંજિત અકસ્માતની ઘટના સામે આવી છે. હિંમતનગરના જસવંતગઢ પાટીયા પાસે એક મીની બસે કારને જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૬ લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.ઘટનાની મળતી માહિતી અનુસાર, જસવંતગઢ પાટીયા નજીક પૂરપાટ ઝડપે આવી રહેલી એક મીની બસે આગળ જઈ રહેલી કારને પાછળના ભાગેથી જોરદાર અડફેટે લીધી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે, કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર ચીચીયારીઓ ગુંજી ઉઠી હતી અને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા.

આ અકસ્માતમાં ઘવાયેલા ૬ જેટલા ઈજાગ્રસ્તોને તાત્કાલિક અસરથી હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તો પૈકી અમુકની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

**ઓનલાઈન માધ્યમથી દલીલો કરવાની છૂટ**

# સુરતમાં કાળઝાળ ગરમી વચ્ચે વકીલોને મોટી રાહત

**સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા વકીલોને Zoom જેવી ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન કોર્ટમાં જોડાવા માટે લિંક આપવામાં આવશે**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૨૯**

સુરત શહેરમાં વધી રહેલી ભારે ગરમીનો પ્રભાવ હવે ન્યાયિક વ્યવસ્થામાં પણ જોવા મળી રહ્યો છે. તાપમાનમાં સતત વધારો થવાને કારણે વકીલો અને કોર્ટમાં આવનારા અસીલો માટે પરિસ્થિતિ કઠિન બની રહી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લા કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં વકીલોને ઓનલાઈન માધ્યમથી દલીલો કરવાની છૂટ આપવામાં આવી છે.

સુરત ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશન દ્વારા પ્રિન્સિપલ એન્ડ ડિસ્ટ્રીકટ સેશન્સ જજ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે ઉનાળાની તીવ્ર ગરમીને કારણે ખાસ કરીને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ ધરાવતા વકીલોને કોર્ટમાં હાજર રહેવું મુશ્કેલ બની રહ્યું છે. ઘણી વખત ગરમીના કારણે વકીલો બીમાર પડતા હોય છે, જેનાથી કોર્ટ કાર્યવાહી પર પણ અસર પડે છે. આ રજૂઆતને ગંભીરતાથી લઈ પ્રિન્સિપલ એન્ડ ડિસ્ટ્રીકટ સેશન્સ જજ દ્વારા વકીલોને રાહતરૂપ નિર્ણય લેવાયો છે.મળતી માહિતી અનુસાર, હવે સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા વકીલોને Zoom જેવી ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન કોર્ટમાં જોડાવા માટે લિંક આપવામાં આવશે. જેના આધારે તેઓ પોતાના કેસોની દલીલો તથા રજૂઆત સરળતાથી કરી શકશે. આ વ્યવસ્થાથી કોર્ટની કામગીરીમાં વિક્ષેપ ન પડે અને વકીલોને પણ ગરમીથી રાહત મળે તેવો સંતુલિત પ્રયાસ કરવામાં આવ્યો છે.આ સાથે જ બાર એસોસિએશન દ્વારા ઉનાળામાં મોર્નિંગ કોર્ટ શરૂ કરવા તેમજ ઉનાળુ વેકેશન જાહેર કરવાની માંગ પણ કરવામાં આવી છે, જેથી ગરમીના પ્રભાવને ઓછો કરી શકાય. જે મામલે સુરત જિલ્લા વકીલ મંડળના હોદ્દેદારો અને કાઉન્સિલ સભ્યોએ જણાવ્યું હતું કે, આ નિર્ણય વકીલોના આરોગ્ય અને ન્યાયિક પ્રક્રિયાની સતતતા બંને માટે મહત્વપૂર્ણ છે.

વધુમાં સુરત ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશનના પ્રમુખ ઉદય પટેલે આ બાબતે જણાવ્યું કે, ''ભારે ગરમીના કારણે અનેક વકીલોને તકલીફ પડી રહી હતી. આ પરિસ્થિતિમાં ઓનલાઈન સુવિધા મળવાથી વકીલોને મોટી રાહત મળશે અને કોર્ટની કામગીરી પણ નિયમિત ચાલુ રહેશે.'' ત્યારે આ નિર્ણયને વકીલ સમુદાય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે અને આવનારા દિવસોમાં આ પ્રકારની ડિજિટલ સુવિધાઓ વધુ મજબૂત બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**

**સંજય તાડા - 99244 66899 /**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ધ હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા

# શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ વિદ્યા સંકુલ ખાતે એલએલબી અને બીએએલએલબીના વિદ્યાર્થીઓનો ભવ્ય વિદાય સમારંભ સારાંશ-૨૦૨૬ યોજાયો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૨૯**

સેલવાસની લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેલવાસ ધ હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા તા.૨૫ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ વિદ્યા સંકુલ ખાતે ત્રણ વર્ષના એલએલબી અને પાંચ વર્ષના બીએ એલએલબી અભ્યાસક્રમોના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓના માનમાં એક ભવ્ય વિદાય સમારંભ, સારાંશ ૨૦૨૬નું આયોજન આનંદ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લાગણીઓ, સિદ્ધિઓ, સંસ્કૃતિ અને વિદ્યાર્થી જીવનની મીઠી યાદોનો અદ્ભુત સંગમ જોવા મળ્યો.



દીપ પ્રગટાવીને અને મહેમાનોના સન્માન સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન રજૂ કરાયેલા સાંસ્કૃતિક પ્રદર્શનોએ બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. રાજસ્થાની ઘૂમર નૃત્ય, તલવાર નૃત્ય, મૈથિલી સંગીત પ્રદર્શન અને વિદ્યાર્થીઓના ભાવનાત્મક ભાષણોએ ભાવનાત્મક અને ઉત્સાહી વાતાવરણ બનાવ્યું હતું. આ પ્રદર્શને વિદ્યાર્થીઓના કોલેજ જીવન, મિત્રતા, સંઘર્ષ અને સફળતાઓની યાદોને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કર્યુ હતું.

ટીવાય એલએલબીના વિદ્યાર્થી માસ્ટર બિપિન સિંહને કિંગ ઓફ ધ ઈવેન્ટનું બિરૂદ અને ટીવાય એલએલબીના વિદ્યાર્થી સુશ્રી આકાંક્ષા મિશ્રાને ક્વીન ઓફ ધ ઈવેન્ટનું બિરૂદ એનાયત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને વિવિધ વિશેષ ટાઇટલ, સ્મૃતિચિહ્નો અને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક, સાંસ્કૃતિક અને અન્ય સિદ્ધિઓને પણ સરાહવામાં આવી હતી.આ સંદર્ભમાં, હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના પ્રિન્સિપાલ ડૉ.શિલ્પા તિવારી અને આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી કિશન કુમાર નામદેવને મુંબઈ યુનિવર્સિટીના સંશોધન કાર્યક્રમ 'આવિષ્કાર' માં સંશોધન પ્રવૃત્તિઓના સફળ માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે ખાસ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અવસરે પ્રિન્સિપાલ ડૉ.શિલ્પા તિવારીએ તેમના સંબોધનમાં વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, આ વિદાય અંત નથી, પરંતુ જીવનના એક નવા અધ્યાયની શરૂઆત છે. તેમણે વિદ્યાર્થીઓને તેમના જ્ઞાન, મૂલ્યો અને નૈતિક મૂલ્યો સાથે સમાજમાં ન્યાય અને સત્ય સ્થાપિત કરવા માટે કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

સમાપન સમારોહમાં, સંસ્થાના પ્રમુખ શ્રી ફતેહસિંહજી એમ. ચૌહાણે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, કાનૂની વ્યવસાય ફક્ત એક વ્યવસાય નથી, પરંતુ સમાજમાં ન્યાય અને સદાચાર સ્થાપિત કરવાનું એક શક્તિશાળી માધ્યમ છે. તેમણે વિદ્યાર્થીઓને હંમેશા નમ્ર, સંસ્કારી અને તેમના મૂલ્યોમાં સ્થિર રહેવા અને જીવનમાં સત્ય, નૈતિકતા અને સદગુણને પ્રાથમિકતા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.તમામ વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી ફતેહસિંહજી એમ.ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી અનંતરાવજી ડી. નિકમ, સચિવ શ્રી કુલદીપસિંહજી મુન્દ્રા, સંયુક્ત સચિવ શ્રી જયેન્દ્રસિંહજી રાઠોડ અને મેનેજમેન્ટ કમિટીના સભ્ય શ્રી અભિષેકસિંહજી ચૌહાણ હાજર રહ્યા હતા. લાયન્સ ઈંગ્લિશ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રીમતી નિરાલી પારેખ, પ્રાથમિક વિભાગના વાઈસ પ્રિન્સિપાલ શ્રીમતી પારૂલ ગુપ્તા, શ્રીમતી મમતા નાગરકોટી અને દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સના પ્રિન્સિપાલ ડો.સીમા પિલ્લઈ પણ હાજર રહ્યા હતા. ડો. સીમા પિલ્લઈ અને શ્રીમતી નિરાલી પારેખે વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

મે મહિનામાં કુદરતનો અલગ જ મિજાજ જોવા મળશે

# ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે મે મહિનામાં હવામાનમાં મોટો પલટો આવશે

**હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે હવામાનમાં પલટાની આગાહી કરી - કેટલાક વિસ્તારોમાં જોરદાર પવન, તોફાન અને કરા પડવાની શક્યતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૨૯**

ગુજરાતમાં હાલ ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. આકરી ગરમી અને લૂના કારણે જનજીવન પ્રભાવિત થયું છે ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગામી દિવસો માટે તાપમાન, પવન અને વાવાઝોડા અંગે અત્યંત મહત્ત્વપૂર્ણ આગાહી વ્યક્ત કરી છે. તેમની આગાહી મુજબ, હજી થોડા દિવસો ગરમીનો પ્રકોપ યથાવત રહેશે, પરંતુ મે મહિનામાં કુદરતનો અલગ જ મિજાજ જોવા મળી શકે છે.અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, મધ્ય ગુજરાતમાં ગરમીનું મોજું તીવ્ર બનશે. વડોદરા, આણંદ અને મહીસાગર જિલ્લામાં તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાઈ શકે છે. આવી જ સ્થિતિ ઉત્તર ગુજરાતમાં પણ રહેશે. પાટણ, સમી, હારીજ, પાલનપુર, ડીસા, વાવ અને થરાદ જેવા વિસ્તારોમાં બપોરના સમયે તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહેતા લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બનશે. ૨૮ એપ્રિલ સુધી ગરમીનો આ ટ્રેન્ડ ચાલુ રહ્યા બાદ તાપમાનમાં ધીમે-ધીમે ઘટાડો નોંધાશે. મે મહિનાની શરૂઆતમાં મધ્ય, ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ સ્થિર થઈ શકે છે. જ્યારે કચ્છમાં પારો ૩૯ ડિગ્રી રહેવાની શક્યતા છે. જોકે, દક્ષિણ ગુજરાતમાં ભેજને કારણે બફારો અને ઉકળાટ યથાવત રહેશે. હવામાનમાં મોટો ફેરફાર એપ્રિલના અંતથી મે મહિનાની શરૂઆતમાં જોવા મળી શકે છે. દેશના ઉત્તર પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા અને ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ કેટલાક વિસ્તારોમાં જોરદાર પવન, તોફાન અને કરા પડવાની શક્યતા પણ છે, જે હવામાનમાં અચાનક પરિવર્તન લાવી શકે છે.

હવામાનમાં સૌથી મોટો ફેરફાર મે મહિનામાં જોવા મળશે. આ અંગે અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, ૬થી ૧૦ મે દરમિયાન ગુજરાત સહિત દેશભરના હવામાનમાં પલટો આવશે અને પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ શકે છે. જ્યારે ૧૧થી ૨૦ મે દરમિયાન રાજ્યમાં ભારે પવન અને વંટોળ ફૂંકાશે. આ ગાળા દરમિયાન 'કાળી આંધી' જેવો માહોલ સર્જાવાની શક્યતા છે, જેમાં પવનની ગતિ ૨૫ કિમી પ્રતિ કલાક કે તેથી વધુ રહી શકે છે. આ કુદરતી આફતને કારણે કાચા મકાનો અને પતરાં ઉડવાની ભીતિ સેવાઈ રહી છે.

આ ઉપરાંત ૨૩ મે દરમિયાન ફરી એકવાર હવામાન અણધાર્યો વળાંક લેશે. ગરમી અને વંટોળની સાથે સમુદ્રી હલચલ પણ વધશે. ૧૫ મે પછી બંગાળની ખાડીમાં ચક્રવાત સર્જાવાની શક્યતા છે, જે જૂનની શરૂઆત સુધી સક્રિય રહી શકે છે. તેવી જ રીતે, અરબી સમુદ્રમાં પણ ૧૫ જૂન સુધી વાવાઝોડાની ગતિવિધિઓ જોવા મળી શકે છે. અંડમાન-નિકોબારમાં ૧૨ મેથી વરસાદની શરૂઆત થઈ જશે અને ૨૮ મે બાદ ત્યાં ભારે વરસાદની આગાહી છે.

ગુજરાતમાં આપનો ઐતિહાસિક ઉદઘોષ

# ભાજપ-કોંગ્રેસ વચ્ચે ત્રીજા મજબૂત વિકલ્પ તરીકે ઉભરી આમ આદમી પાર્ટી

**જૂનાગઢ જિલ્લા પંચાયતમાં એએપી મુખ્ય વિપક્ષ તરીકે ઉભરી જ્યારે નર્મદા જિલ્લામાં ભવ્ય જીત નોંધાવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૯**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોએ સૌ કોઈને ચોંકાવી દીધા છે. ગુજરાતના રાજકીય ઈતિહાસમાં અત્યાર સુધી મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ જંગ ખેલાતો આવ્યો છે. પરંતુ તાજેતરની ચૂંટણીના પરિણામોએ સાબિત કરી દીધું છે કે ગુજરાતની જનતા હવે ત્રીજા મજબૂત વિકલ્પ તરીકે કોંગ્રેસ નહીં, પરંતુ આમ આદમી પાર્ટીને જોઈ રહી છે. આમ આદમી પાર્ટીએ આ ચૂંટણીમાં ઐતિહાસિક પ્રદર્શન કરીને રાજ્યના રાજકારણમાં નવો અધ્યાય લખ્યો છે.

ગોપાલ ઈટાલિયાએ પરિણામો પર ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ આપ પર અપાર વિશ્વાસ મૂક્યો છે. રાજ્યની ૧૩ તાલુકા પંચાયતોમાં આમ આદમી પાર્ટીએ સ્પષ્ટ બહુમતી મેળવીને પોતાની સરકાર બનાવી છે. જૂનાગઢ જિલ્લા પંચાયતમાં આમ આદમી પાર્ટી મુખ્ય વિપક્ષ તરીકે ઉભરી આવી છે, જ્યારે નર્મદા જિલ્લામાં પાર્ટીએ

આપ
આમ આદમી પાર્ટી
ગુજરાત

બહુમતી સાથે ભવ્ય જીત નોંધાવી છે. ગોપાલ ઈટાલિયાએ આંકડાકીય સરખામણી કરતા જણાવ્યું કે, ૨૦૨૧ની ચૂંટણીમાં પાર્ટી પાસે માત્ર ૭૨ સીટો હતી. તેની સામે આ વખતે પાર્ટીએ કરેલું પ્રદર્શન માત્ર સુધારો નથી, પણ એક ઐતિહાસિક કૂદકો છે. ગુજરાતના ઈતિહાસમાં ભાજપ અને કોંગ્રેસ સિવાય અન્ય કોઈ ત્રીજા પક્ષને આટલી મોટી સંખ્યામાં સીટો મળી હોય તેવું પ્રથમવાર બન્યું છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આ જીત ગુજરાતની જનતાની છે. આશરે ૬૦૦૦ જેટલા ક્રાંતિકારી અને નિડર ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતરીને લોકશાહી બચાવવા માટે લડ્યા હતા.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હોવાનો ઉલ્લેખ કરતા ઈટાલિયાએ ઉમેર્યું કે, સત્તા પક્ષ દ્વારા દબાણ, નાણાકીય શક્તિ અને પોલીસ તંત્રનો ઉપયોગ કરવા છતાં આપના કાર્યકરો ડગ્યા વગર મેદાનમાં ટકી રહ્યા હતા. કાર્યકરોની આ મજબૂતી અને નિડરતાને કારણે જ આજે આમ આદમી પાર્ટી ગુજરાતમાં એક મજબૂત રાજકીય વિકલ્પ તરીકે સ્થાપિત થઈ છે.

**રાજ્ય ચૂંટણી પંચે વોટ શેરના આંકડા જાહેર કર્યા**

# વોટ શેરના આંકડા જાહેર થતાં રાજનીતિક રણનીતિ સ્પષ્ટ થઈ

**કોંગ્રેસ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણી ચિંતાજનક સમાચાર લાવી : મહાનગરપાલિકામાં કોંગ્રેસનો વોટ શેર ઘટ્યો**

**મહાનગરપાલિકામાં વોટશેર :** ભાજપ- ૫૯.૩૬%, કોંગ્રેસ- ૨૬.૪૬%, આપ- ૧૦.૨૭% અને અપક્ષ- ૦૧.૧૫%

**નગરપાલિકામાં વોટશેર :** ભાજપ- ૫૨.૫૧%, કોંગ્રેસ- ૩૦.૬૮%, આપ- ૦૪.૮૯% અને અપક્ષ- ૦૯.૩૩%

**જિલ્લા પંચાયતમાં વોટશેર :** ભાજપ- ૫૨.૨૩%, કોંગ્રેસ- ૩૩.૦૭%, આપ- ૧૨.૦૪%, અપક્ષ- ૦૧.૩૪%

**તાલુકા પંચાયતમાં વોટશેર :** ભાજપ- ૫૧.૦૦%, કોંગ્રેસ- ૩૨.૮૯%, આપ- ૧૨.૬૭%, અપક્ષ- ૦૩.૦૩%

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૯**

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો બાદ હવે વોટશેરના આંકડા સામે આવ્યા છે. આ આંકડાઓ દર્શાવે છે કે, રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાનો મજબૂત ગઢ જાળવી રાખ્યો છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે બીજા ક્રમ માટે રસાકસી જોવા મળી રહી છે. શહેરી મતદારોમાં ભાજપ પર ખૂબ જ મજબૂત વિશ્વાસ દર્શાવ્યો છે. મહાનગરપાલિકાઓમાં ભાજપે લગભગ ૫૯.૩૬% વોટશેર સાથે પ્રચંડ જીત મેળવી છે. જ્યારે કોંગ્રેસને ૨૬.૪૬% પર વોટ જ મળ્યા છે. નોંધનીય છે કે, મહાનગરપાલિકા સ્તરે આમ આદમી પાર્ટીએ ૧૦.૨૭% વોટ મેળવીને શહેરી રાજકારણમાં પોતાની હાજરી મજબૂત કરી રહી છે.

શહેરી વિસ્તારોમાં સત્તાધારી પક્ષ ભાજપે પોતાની પકડ વધુ મજબૂત કરી છે. ૨૦૨૧માં ભાજપનો વોટ શેર ૫૨.૯૦% હતો, જે ૨૦૨૬માં ૬.૪૬%ના જંગી વધારા સાથે ૫૯.૩૬% પર પહોંચ્યો છે. તેની સામે કોંગ્રેસનો વોટ શેર ૨૬.૭૫% થી ઘટીને ૨૬.૪૬% થયો છે. સૌથી મોટો ફટકો આમ આદમી પાર્ટીને પડ્યો છે, જેનો વોટ શેર મહાનગરોમાં ૧૩.૯૧%થી ઘટીને ૧૦.૨૭% (૩.૪૬% નો ઘટાડો) થયો છે.

ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય ચિત્ર તદ્દન અલગ જોવા મળ્યું છે. જિલ્લા અને તાલુકા પંચાયતોમાં આમ આદમી પાર્ટીના વર્ચસ્વમાં મોટો ઉછાળો આવ્યો છે. જિલ્લા પંચાયતમાં આપનો વોટ શેર ૨.૮૯% થી વધીને ૧૨.૦૪% થયો. તાલુકા પંચાયતમાં આપનો વોટ શેર ૨.૫૬% થી વધીને ૧૨.૬૭% (૧૦.૧૧% નો વધારો) થયો. બીજી તરફ, ગ્રામ્ય સ્તરે ભાજપ અને કોંગ્રેસ બંનેને નુકસાન થયું છે. કોંગ્રેસનો વોટ શેર જિલ્લા પંચાયતમાં ૫.૧૮% અને તાલુકા પંચાયતમાં ૫.૧૪% જેટલો ઘટ્યો છે. ત્રીજા પક્ષ તરીકે આપની મજબૂત એન્ટ્રીને કારણે કોંગ્રેસના પરંપરાગત મતોમાં ગાબડું પડ્યું હોય તેવું જણાય છે.

નગરપાલિકા સ્તરે કોંગ્રેસ માટે સારા સમાચાર છે, જ્યાં તેનો વોટ શેર ૧.૭% વધીને ૩૦.૬૮% થયો છે. જોકે, અહીં સૌથી ચોંકાવનારું પ્રદર્શન અપક્ષોનું રહ્યું છે. ૨૦૨૧માં માત્ર ૧.૧૯% વોટ શેર ધરાવતા અપક્ષો ૨૦૨૬માં ૯.૩૩% મતો મેળવવામાં સફળ રહ્યા છે. રાજકીય વિશ્લેષકો માને છે કે મુખ્ય પક્ષો દ્વારા ટિકિટ વહેંચણીમાં થયેલા વિવાદોને કારણે જનતાએ અપક્ષ ઉમેદવારો પર પસંદગી ઉતારી છે. સમગ્રપણે જોતા, મહાનગરપાલિકાઓ સિવાયના વિસ્તારોમાં સત્તાધારી ભાજપના વોટશેરમાં આંશિક ઘટાડો નોંધાયો છે, જ્યારે કોંગ્રેસ માટે ગ્રામ્ય સ્તરે 'આપ' મોટો પડકાર બનીને ઉભરી છે. બીજી તરફ, નગરપાલિકાઓમાં અપક્ષોની વધતી શક્તિ પ્રસ્થાપિત પક્ષો માટે લાલબત્તી સમાન છે.



નગરપાલિકાઓમાં ભાજપનો વોટશેર ૫૨.૫૧% રહ્યો છે. જ્યારે કોંગ્રેસે ૩૦.૬૮% વોટ મેળવીને મહાનગરપાલિકા કરતા સારું પદર્શન કર્યું.

નગરપાલિકામાં આમ આદમી પાર્ટીનો વોટશેર ૦૪.૮૯% રહ્યો છે. જો કે, ચોંકાવનારી વાત એ છે કે, નગરપાલિકાઓમાં અપક્ષ ઉમેદવારોએ ૯.૩૩% વોટ મેળવ્યા છે. આ વોટશેર દર્શાવે છે કે, સ્થાનિક પ્રશ્નો પર અપક્ષો પર પણ મતદારોએ ભરોસો મૂક્યો છે. આ આંકડા સ્પષ્ટ સંકેત આપે છે કે, ગુજરાતનું ગ્રામીણ રાજકારણ હવે માત્ર બે પાર્ટી વચ્ચે સીમિત નથી રહ્યું, પરંતુ ત્રીજી પાર્ટીની હાજરી પણ નિર્ણાયક બની રહી છે. તમામ સ્તરે ભાજપે ૫૦%થી વધુ વોટશેર જાળવી રાખીને પોતાની પકડ સાબિત કરી છે.

બીજીતરફ કોંગ્રેસ હજુ પણ મુખ્ય વિરોધ પક્ષ તરીકે ટકી રહી છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં (૩૨-૩૩% વોટશેર) તેનો પ્રભાવ શહેરો કરતા વધુ છે. આમ આદમી પાર્ટીએ પંચાયતોમાં ૧૨%થી વધુ વોટ મેળવીને સાબિત કર્યું છે કે, તે હવે માત્ર શહેરો પૂરતી સીમિત નથી, પરંતુ ગામડાઓમાં પણ પગપેસારો કરી રહી છે.

# અંકલેશ્વરની સ્વામી વિવેકાનંદ શાળા સંકુલ ખાતે કમ્પોસ્ટિંગ પ્લાન્ટનું લોકાર્પણ કરાયું





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ઓલપાડ, તા.૨૯**

પર્યાવરણની જાળવણી તથા કચરાનાં વ્યવસ્થાપન હેતુસર બેઈલ કંપનીનાં સહયોગથી સ્વામી વિવેકાનંદ શાળા સંકુલ, અંકલેશ્વર ખાતે કંપોસ્ટિંગ પ્લાન્ટનું લોકાર્પણ સમાજસેવિકા શ્રીમતી મીરાંબેન પંજવાણીનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

શાળા સંકુલનાં રસોઈ ઘર તથા બગીચાનાં કચરાનું કમ્પોસ્ટિંગ ખાતર બનાવવાનાં હેતુસર સ્થાપિત આ પ્લાન્ટમાં જૈવિક ખાતર બનાવવામાં આવશે. પ્લાન્ટનાં લોકાર્પણ પ્રસંગે બીલ કંપનીનાં વાઈસ પ્રેસિડન્ટ શ્રી અતુલભાઈ અગ્રવાલ, અંકલેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટનાં ઉપપ્રમુખ શ્રી હરીશભાઈ જોષી, મંત્રી ડો.મહેન્દ્ર પંચાલ, રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરનાં પબ્લિક ઈમેજ ચેર તથા શ્રેષ્ઠ શિક્ષક રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા શ્રી ગજેન્દ્રભાઈ પટેલ, શ્રી ચેતનભાઈ શાહ, ડો. રેખા પંચાલ, પ્રોજેક્ટ ઓફિસર શ્રીમતી પ્રાચી પટેલ, શ્રી હર્ષ શાહ, શાળા સંકુલનાં આચાર્યશ્રીઓ શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે શ્રી હરીશભાઈ જોશી અને ડો.મહેન્દ્રભાઈ પંચાલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન શ્રી મિલેન્દ્ર કેસરોલાએ કર્યુ હતું.

# થરાદ સેશન્સ કોર્ટનો ચુકાદો: સુઈગામમાં સગીરા પર દુષ્કર્મ મામલે નરાધમને ૨૦ વર્ષની કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બનાસકાંઠા, તા.૨૯**

આ કરુણ ઘટના ત્યારે બની જ્યારે ભાઈને તાવ આવતો હોવાથી ૧૧ વર્ષની માસૂમ બાળા દુકાને બિસ્કિટ લેવા જઈ રહી હતી. રસ્તામાં આરોપી પ્રકાશ માવજીભાઈ પઢિયાર પોતાના ઘરના ઓટલે બેઠો હતો. તેણે બાળાને લલચાવવા માટે ૨૦ રૂપિયા આપી પોતાની માટે પણ બિસ્કિટ મંગાવ્યા હતા. જ્યારે બાળા બિસ્કિટ લઈને પરત આવી, ત્યારે આરોપી ઘરની અંદર જતો રહ્યો અને બાળાને બિસ્કિટ આપવાના બહાને અંદર બોલાવી હતી. માસૂમ જેવી અંદર ગઈ કે તરત જ નરાધમે તેને ગોંધી લીધી અને તેની પર દુષ્કર્મ આચર્યું હતું. ઉપરાંત કોઈને પણ કાંઈ પણ કહીશ તો તને તથા તારા

**સુઈગામ વિસ્તારમાં એક સગીરા પર દુષ્કર્મ આચરનારા આરોપી પ્રકાશ પઢિયારને ૨૦ વર્ષની જેલની સજા**

પરિવારને મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી.

આ સગીરાએ પેટમાં દુખાવાની ફરિયાદ કરી ત્યારે પરિવારને સત્યની જાણ થઈ હતી. શરૂઆતમાં બદનામીના ડરે સમાધાનની વાતો થઈ હતી, પરંતુ ન્યાય માટે પરિવારે મક્કમ બની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા આ પરિવારની બે દીકરીઓ અને બે દીકરાઓમાં આ ઘટનાથી ભારે આઘાત વ્યાપી ગયો હતો.

આ કેસમાં સરકારી વકીલ આર.ડી. જોશીની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટના ન્યાયાધીશ પી.એમ. સાયાણીએ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પોક્સો (POCSO) અને કલમ ૩૭૬ હેઠળ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ ઉપરાંત ૧,૭૫,૦૦૦ નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ ૭ મહિનાની સખત કેદની સજા ભોગવવી પડશે. ઉપરાંત દંડની રકમમાંથી પીડિત બાળાને વળતર ચૂકવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે. આ ચુકાદાથી સમાજના આવા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને પીડિત પરિવારને ન્યાય મળ્યો છે.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# લોકોના આક્રોશને મતમાં ફેરવીને રાજકીય ફાયદો લેવામાં કોંગ્રેસ સરેઆમ નિષ્ફળ નીવડી

**કોંગ્રેસનો કારમો રકાસ:ઉમેદવારોની પસંદગીમાં 'સારા' નહીં, 'મારા'ની જીદે કોંગ્રેસને ડૂબાડી: નીતિ, નિયત અને નેતૃત્ત્વ સામે ફરી એકવાર સવાલ ઊઠ્યા: રાષ્ટ્રીય નેતૃત્ત્વના 'રેસના ઘોડા' પસંદ કરવાની શિખામણ ઝાંપા સુધી જ રહી, જૂથબંધીમાં રાચતા નેતાઓએ 'લંગડા ઘોડા'ને રેસમાં ઉતાર્યા**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં કોંગ્રેસનો વધુ એક વાર કારમો પરાજય થયો છે. ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણી પૂર્વે યોજાયેલી પાલિકા-પંચાયતોની આ ચૂંટણી મીની વિધાનસભા સમાન છે અને આગામી વર્ષે યોજાનારી ચૂંટણીના પરિણામ પર આ ચૂંટણી પરિણામોની અસર જોવા મળવાની છે ત્યારે કોંગ્રેસની દશા અને દિશા નક્કી કરનારી મહત્ત્વની ગણાતી આ ચૂંટણીઓએ પુરવાર કર્યું છે કે, માત્ર નિવેદનો અને સોશિયલ મીડિયાના માધ્યમથી ચૂંટણી જીતવાના અભરખા રાખતી કોંગ્રેસ દિશાવિહીન બની ગઈ છે. કોંગ્રેસના પરાભવ માટે એકથી વધુ પરિબળો જવાબદાર છે, પરંતુ સૌથી ધ્યાન ખેંચે તેવા અને મહત્ત્વના કારણોમાં ઉમેદવારોની પસંદગી અને પાર્ટી ફંડ ઉપરાંત પ્રદેશથી માંડીને ગ્રામ્ય સ્તરે પ્રવર્તી રહેલી જૂથબંધી મુખ્ય છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્ત્વના આદેશ અનુસાર ઉમેદવારોની પસંદગીની સત્તા જિલ્લા પ્રમુખને આપવાનો નિર્ણય અને ચૂંટાયેલા ધારાસભ્યો સહિત પ્રદેશના નેતાઓની ઉમેદવારોની પસંદગીમાં 'સારા' નહીં, પરંતુ 'મારા'ની જીદ કોંગ્રેસ માટે આત્મઘાતી પુરવાર થઈ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ અમદાવાદમાં દાયકા બાદ યોજાયેલા રાષ્ટ્રીય અધિવેશનમાં જાહેર મંચ પરથી 'રેસના ઘોડા' અને 'લંગડા ઘોડા'નું દૃષ્ટાંત આપીને ગુજરાત સહિત દેશભરના કોંગી નેતાઓને મજબૂત ઉમેદવારો પર દાવ ખેલવાનો સ્પષ્ટ આદેશ આપ્યો હતો, આમ છતાં જાણી જોઈને લંગડા ઘોડાની પસંદગી કરવામાં આવી હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, ચૂંટણી પરિણામોથી ગુજરાત કોંગ્રેસની નીતિ, નિયત અને નેતૃત્ત્વ સામે વધુ એક વાર સવાલ ઊઠ્યા છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની આશરે ૧૦ હજાર બેઠકમાંથી કોંગ્રેસે ૧૭૪૦ બેઠકો મેળવી છે. જેમાં ૧૫ મહાપાલિકામાં ૯૫, ૮૪ ન.પા.માં ૪૫૯, ૩૪ જિલ્લા પંચાયતમાં ૧૩૬ અને ૨૬૦ તાલુકા પંચાયતોમાંથી ૧૦૫૦ બેઠકોનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં મજબૂત પકડ ધરાવતી કોંગ્રેસના સ્થાનિક જૂથના નેતાઓએ ઉમેદવારોની પસંદગીમાં પાર્ટીને મજબૂત કરે તેવા ઉમેદવારોની પસંદગીને બદલે ભાગબટાઈ કરી હતી, જે અંતે ભારે પડી છે. જિલ્લા પ્રમુખોને ઉમેદવારોની સત્તા આપવાનો નિર્ણય થયો હતો, પરંતુ અનેક જિલ્લા પ્રમુખોએ ઉમેદવારોની પેનલ બનાવીને પ્રદેશને સુપરત કરી હતી. પ્રદેશમાંથી જે યાદી આવી તેમાં અસંખ્ય ઉમેદવારો બદલાઈ ગયા હતા! બીજીતરફ અનેક શહેરી અને અર્ધ શહેરી વિસ્તારોની અસંખ્ય બેઠકો પર તો કોંગ્રેસ પાસે ઉમેદવારો જ નહોતા. છેક છેલ્લી ઘડી સુધી ચૂંટણી લડવા કોંગ્રેસને ઉમેદવારો મળ્યા ન હોવાથી આવા વિસ્તારોમાં હાર પહેલેથી જ નક્કી હતી, પરંતુ માત્ર દેખાવ પુરતા ઉમેદવારો ઊભા રાખવા પડ્યા હોવાની બાબત ઉમેદવારો જાહેર થયા ત્યારે જ ઉજાગર થઈ ગઈ હતી. જૂથબંધીમાં રાચતા કોંગ્રેસના નેતાઓ સમક્ષ સ્થાનિક સમસ્યાઓ બાબતે લોકોએ જાહેરમાં બળાપો ઠાલવ્યો હતો, પરંતુ લોકોના આક્રોશને મતમાં ફેરવીને રાજકીય ફાયદો લેવામાં કોંગ્રેસ સરેઆમ નિષ્ફળ નીવડી છે.

# વિકસિત ભારતને અદાણી ગ્રુપે આપી નવી ગતિ: PM મોદીએ ગંગા એક્સપ્રેસવેનું કર્યું લોકાર્પણ

## સમય અને લોજિસ્ટિક્સ ખર્ચમાં બચત સાથે થશે રોજગારી સર્જન





**દેશનો આ એવો પ્રથમ કોરિડોર છે જ્યાં AI-સક્ષમ કેમેરા સિસ્ટમ ચોવીસ કલાક તૈનાત રહેશે, જે અકસ્માત જેવી ઘટનાઓની અગાઉથી જાણ કરી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**લખનૌ, તા.૨૯**

ભારતની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાના નવા અધ્યાયનો પ્રારંભ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એશિયાના સૌથી મોટા ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સમાંના એક - 'ગંગા એક્સપ્રેસવે'નું ગૌરવપૂર્ણ લોકાર્પણ આજે કર્યું છે. માત્ર ૩.૫ વર્ષના રેકોર્ડ સમયમાં તૈયાર થયેલો આ 'સુપર હાઈવે' માત્ર રસ્તો નથી, પરંતુ પૂર્વી ઉત્તર પ્રદેશનું ભાગ્ય બદલનારી એક આર્થિક જીવનરેખા છે.

ગતિશક્તિનો નવો પર્યાય ગંગા એક્સપ્રેસવે આધુનિક ભારતનું એન્જિનિયરિંગ માર્વેલ છે. આ એક્સપ્રેસવે મેરઠથી પ્રયાગરાજ વચ્ચેનું ૧૧ કલાકની મુસાફરીનું અંતર ઘટાડીને માત્ર ૬ કલાક કરી નાખશે. પરિણામે હવે પશ્ચિમની સમૃદ્ધિ અને પૂર્વની ક્ષમતા વચ્ચેનું અંતર પલક ઝપકતા જ કપાઈ જશે.

અદાણી એન્ટરપ્રાઈઝિસની રસ્તા બનાવતી કંપની અદાણી રોડ ટ્રાન્સપોર્ટ લિમિટેડ (ARTL) એ આ પ્રોજેક્ટમાં ૮૦% (૪૬૪ કિમી) હિસ્સાનું નિર્માણ કરીને ખાનગી ક્ષેત્રની મજબૂત ક્ષમતાનો પરિચય આપ્યો છે. ૧૨,૦૦૦થી વધુ કર્મયોગીઓની મહેનતનું પરિણામ આજે વિકાસના આ મજબૂત માર્ગ પર દેખાઈ રહ્યું છે.

દેશનો આ એવો પ્રથમ કોરિડોર છે જ્યાં AI-સક્ષમ કેમેરા સિસ્ટમ ચોવીસ કલાક તૈનાત રહેશે, જે અકસ્માત જેવી ઘટનાઓની અગાઉથી જાણ કરી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરશે. એટલે કે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'નો સુરક્ષાકવચ તરીકે ઉપયોગમાં કરવામાં આવ્યો છે. આ એક્સપ્રેસ વેની વધુ એક ખાસિયત એ છે કે, શાહજહાંપુર ખાતે નિર્મિત ૩.૫ કિમીની એરસ્ટ્રીપ ભારતીય વાયુસેનાના ફાઈટર જેટ્સ માટે 'ઈમરજન્સી લેન્ડિગ'ની સુવિધા પૂરી પાડશે, જે ભારતની રાષ્ટ્રીય સુરક્ષાને વધુ મજબૂત બનાવશે.

ગંગા એક્સપ્રેસવે માત્ર વાહનો દોડાવવા માટે નથી, પણ રોજગારી અને રોકાણના નવા દ્વાર ખોલવા માટે છે. યુપી સરકારના અંદાજ મુજબ આગામી ૧૦ વર્ષમાં તેનાથી ૩ લાખ નવી નોકરીઓનું સર્જન થશે અને રાજ્યના જીડીપીમાં રૂા.૧ લાખ કરોડનો ધરખમ ઉમેરો થશે. એટલું જ નહીં, લોજિસ્ટિક્સ ખર્ચમાં વાર્ષિક રૂા. ૨૫,૦૦૦-૩૦,૦૦૦ કરોડની જંગી બચત થશે.

આ એક્સપ્રેસવે ઔદ્યોગિક અને આધ્યાત્મિક વિકાસના રાજમાર્ગ સમાન છે. તે ૧૨ જિલ્લાઓના ૫૧૯ ગામડાઓને સાંકળે જેનાથી ૧૧ અત્યાધુનિક ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર હેઠળના ઉદ્યોગોને વેગ મળશે, તો બીજી તરફ પ્રયાગરાજ અને વારાણસી જેવા પવિત્ર ધામો સુધી પહોંચવું સરળ બનતા 'સ્પિરિચ્યુઅલ ટુરિઝમ'ના નવા દ્વાર પણ ખુલશે.

ગંગા એક્સપ્રેસવે એ 'નવા ભારત'ની ગતિ અને શક્તિનું જીવંત ઉદાહરણ છે. આ પ્રોજેક્ટ સાબિત કરે છે કે જ્યારે દ્રઢ ઈચ્છાશક્તિ અને આધુનિક ટેક્નોલોજીનો સમન્વય થાય, ત્યારે વિકાસની ગંગા માત્ર વહેતી નથી, પણ પૂરપાટ ઝડપે દોડે છે.

## હવે ભારતને ફાયદો થવાની શક્યતા

# ઓઈલ માર્કેટમાં ભંગાણ! UAEએ ૫૯ વર્ષ જૂનું OPEC છોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯**

મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે હોર્મુઝની ખાડીમાં ઈરાન તથા અમેરિકા બંનેની નાકાબંધીથી દુનિયાભરમાં ક્રૂડ ઓઈલના સંકટ વચ્ચે સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)એ ઓપેક અને ઓપેક પ્લસ જૂથમાંથી બહાર નીકળવાની જાહેરાત કરી દીધી છે. યુએઈ મુજબ તેઓ ૧ મેના રોજ આ જૂથનું સભ્યપદ છોડી દેશે. જોકે, યુએઈએ મધ્ય-પૂર્વમાં ચાલતા યુદ્ધના કારણે નહીં પરંતુ સાઉદી આરબ સાથે ચાલતા વિવાદના કારણે આ નિર્ણય કર્યો હોવાનું મનાય છે. આ બંને દેશ અનેક મોરચા પર એકબીજાની સામ-સામે છે.

યુએઈના આ નિર્ણયથી ભારતને ફાયદો થવાની શક્યતા છે.સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)ના ઊર્જા મંત્રીએ જણાવ્યું કે, યુએઈ ૧૯૬૭થી ઓપેક અને ઓપેક પ્લસનું સભ્ય રહ્યું છે, પરંતુ ભવિષ્યમાં દુનિયાને વધુ ઊર્જાની જરૂર પડશે તથા માગ વધશે. આવા સમયે ઊર્જા ક્ષેત્ર, પેટ્રોલિયમ સેક્ટર અને અન્ય રણનીતિઓની સાવધાનીપૂર્વક સમીક્ષા પછી આ નિર્ણય લેવાયો છે. હોર્મુઝની ખાડી પર નાકાબંધીના વર્તમાન અવરોધોના કારણે ઓઈલ બજાર પહેલા કરતાં વધુ અસ્થિર છે. તેથી યુએઈએ આ નિર્ણય લીધો છે, જેથી બજાર પર વધુ અસર ના પડે. ઓપેક અને ઓપેક પ્લસ સંગઠનમાં સાઉદી આરબનું પ્રભુત્વ છે, જે ઓઈલના વૈશ્વિક ભાવોને ઊંચા રાખવા ઉત્પાદન વધારવા અથવા ઘટાડવાનો નિર્ણય કરે છે. બીજીબાજુ યુએઈએ પોતાની ઓઈલ ઉત્પાદન ક્ષમતા વધારવા અબજો ડોલરનું રોકાણ કર્યુ છે, પરંતુ ઉત્પાદનમાં કાપના ઓપેકના પ્રતિબંધના કારણે યુએઈ પોતાની પુરી ક્ષમતાનો ઉપયોગ નથી કરી શકતું.

**ભારત લગભગ ૮૫ ટકા ક્રૂડ ઓઈલની આયાત કરે છે, તેથી ઓપેકમાં થતી કોઈપણ હિલચાલ સીધી જ ભારતના અર્થતંત્રને અસર કરે છે**

યુએઈ હાલમાં દૈનિક ૨.૯ મિલિયન બેરલ ઓઈલનું ઉત્પાદન કરે છે જ્યારે તેની વર્તમાન ક્ષમતા દૈનિક ૪.૮૫ મિલિયન બેરલની છે તથા યુએઈનું લક્ષ્ય ૨૦૨૭ સુધીમાં ઉત્પાદનની ક્ષમતા દૈનિક પાંચ મિલિયન બેરલ કરવાની છે. આવા સંજોગોમાં ઓપેકમાંથી બહાર નીકળવાથી યુએઈ પર ઉત્પાદનના પ્રતિબંધો લાગુ નહીં પડે અને તે બજારની માગ મુજબ પોતાની ક્ષમતાથી ઓઈલનું ઉત્પાદન કરવા સક્ષમ બનશે. આ સિવાય ઓપેક માત્ર ડોલરમાં જ ઓઈલના સોદા કરે છે જ્યારે આ સંગઠનમાંથી બહાર નીકળ્યા પછી યુએઈ ઓઈલ માટે ચીન સાથે યુઆનમાં પણ સોદા કરવા સ્વતંત્ર થઈ શકે છે. યુએઈએ આ મહિનાની શરૂઆતમાં જ અમેરિકાને ચેતવણી આપી હતી કે, ઈરાન સામેનું યુદ્ધ લાંબુ ચાલશે અને તેને આર્થિક નુકસાન થશે તો તે ચીન સાથે યુઆનમાં ઓઈલના સોદા કરવા તૈયાર છે. યુએઈના ઓપેકમાં નિકળવાથી ભારતને ફાયદો થવાની શક્યતા છે. ભારત લગભગ ૮૫ ટકા ક્રૂડ ઓઈલની આયાત કરે છે, તેથી ઓપેકમાં થતી કોઈપણ હિલચાલ સીધી જ ભારતના અર્થતંત્રને અસર કરે છે.

યુએઈ ઓપેકની ક્વોટા સિસ્ટમમાંથી બહાર થઈને ઓઈલ ઉત્પાદન વધારશે તો વૈશ્વિક સ્તરે ઓઈલના ભાવ ઘટશે. તેનાથી ભારતને પણ આયાતી ઓઈલ સસ્તુ મળી શકે છે.

## આરટીઈ હેઠળ વિદ્યાર્થીઓને વિના વિલંબ પ્રવેશ ખાનગી સ્કૂલોની બંધારણીય ફરજ

# RTE હેઠળ પ્રી-પ્રાઈમરીમાં એડમિશનને રાષ્ટ્રીય અભિયાન બનાવો: સુપ્રીમ કોર્ટ

**સરકાર વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરીને મોકલે તે પછી સ્કૂલો પાસે પ્રવેશ આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી**




(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૯**

સ્કૂલોમાં વંચિત વર્ગો માટે 25 ટકા RTE ક્વોટાને 'રાષ્ટ્રીય અભિયાન' ગણાવી સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે, સ્થાનિક ખાનગી સ્કૂલો વિલંબ વગર શિક્ષણ અધિકાર ધારા(RTE) હેઠળ ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બંધારણીય અને કાનૂની રીતે બંધાયેલી છે. પ્રી-પ્રાઈમરી ક્લાસમાં એડમિશનને રાષ્ટ્રીય અભિયાન બનાવવા પર ભાર મૂકી સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, સરકાર વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરીને મોકલે તે પછી સ્કૂલો પાસે પ્રવેશ આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી.

ન્યાયાધીશ પી એસ નરસિંહા અને આલોક આરાધેની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે, સરકારનું અનુદાન ન મેળવતી નજીકની સ્કૂલો RTE માળખા હેઠળ વિદ્યાર્થીઓને વિલંબ વગર પ્રવેશ આપવા બંધાયેલી છે. આવા પ્રવેશનો ઈનકાર બંધારણની કલમ 21A હેઠળના શિક્ષણના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે. ચુકાદામાં જણાવાયુ હતું કે RTE ધારા, 2009ની કલમ 12 હેઠળ સમાજના નબળા અને વંચિત વર્ગના બાળકોને 25 ટકા સુધી પ્રવેશ આપવાની જોગવાઈ સમાજના સામાજિક માળખાને બદલવાની અસાધારણ ક્ષમતા ધરાવે છે. આ જોગવાઈનો નિષ્ઠાપૂર્વક અમલ પરિવર્તનશીલ પગલું છે. કલમ 21A હેઠળના અધિકારની બંધારણીય ઘોષણા, ત્યારબાદ કાયદાની કલમ 3 હેઠળ મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટેના આદેશને તેને અસરકારક અમલથી સાકાર કરી શકાય છે.ન્યાયાધીશ નરસિંહાએ જણાવ્યું હતું કે આવા વિદ્યાર્થીઓના પ્રવેશની ખાતરી કરવી એ એક રાષ્ટ્રીય મિશન અને સ્થાનિક સત્તાવાળાઓની ફરજ છે.

લખનૌ પબ્લિક સ્કૂલ એલ્ડિકોની અપીલને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. આ સ્કૂલે સમાજના નબળા વર્ગના વિદ્યાર્થીને પ્રવેશ આપવાના હાઈકોર્ટના આદેશ પડકાર્યો હતો. સ્કૂલે યુપીના 2011ના બાળકો માટેના મફત અને ફરજિયાત શિક્ષણના નિયમો હેઠળ 2024-25ના શૈક્ષણિક વર્ષ હેઠળ એક વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો હતો. વિદ્યાર્થીની યોગ્ય પસંદગી થઈ હોવા છતાં અને તેનું નામ સત્તાવાર સરકારી યાદીમાં હોવા છતાં સ્કૂલે પાત્રતા અંગે અનિશ્ચિતતાનો હવાલો આપી પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો હતો.

# રશિયાએ ભારત માટે ચોથી એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ રવાના કરી દીધી : ઓપરેશન સિંદૂરને એક વર્ષ પૂર્ણ થાય તે પહેલા નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯**

ઓપરેશન સિંદૂરને એક વર્ષ થવા જઈ રહ્યું છે ત્યારે હવાઈ સુરક્ષાને લઈને મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. રશિયાએ ભારતને સોંપવામાં આવનારી એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ રવાના કરી દીધી છે. જે મે મહિનાના મધ્ય સુધીમાં ભારત સુધી પહોંચી જવાની શક્યતાઓ છે. જ્યારે પાંચમી એર ડિફેન્સ આ વર્ષે નવેમ્બર મહિનામાં ભારતમાં પહોંચવાની શક્યતાઓ છે. જે ચોથી એર ડિફેન્સ સિસ્ટમ હાલ રવાના કરાઈ છે તેને રાજસ્થાનમાં પાકિસ્તાન સરહદે તૈનાત કરવામાં આવી શકે છે. ભારતીય એરફોર્સના અધિકારીઓએ ૧૮ એપ્રીલના રોજ ભારત આવનારી આ ચોથી સિસ્ટમનું પ્રી-ડિસ્પેચ નિરીક્ષણ પુરુ કરી દીધુ છે. જે બાદ ગત સપ્તાહે તેને રશિયાથી ભારત માટે શિપ કરી દેવામાં આવી હતી. પાકિસ્તાન વિરૂદ્ધ મિસાઈલ રક્ષા ગ્રિડને અભેદ્ય બનાવવા માટે આ નવી સિસ્ટમને રાજસ્થાન સેક્ટરમાં તૈનાત કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આ પહેલા ઓપરેશન સિંદૂર દરમિયાન રશિયાની ડિફેન્સ સિસ્ટમ એસ-૪૦૦એ પોતાની મારક ક્ષમતાનું આક્રામક પ્રદર્શન કર્યું હતું. આ લાંબા ઓપરેશન દરમિયાન ભારતે પાકિસ્તાન વિરુદ્ધ ૧૧ લાંબી રેન્જની એસ-૪૦૦ મિસાઈલોનો મારો ચલાવ્યો હતો. આ મિસાઈલોએ દુશ્મન દેશના લડાકુ વિમાનો, એરબોર્ન અર્લી વોર્નિંગ સિસ્ટમ અને પરિવહન વિમાનોને સટીક નિશાન બવાનીને હુમલો કર્યો હતો. એસ-૪૦૦ લાંબી રેન્જના રડાર અને મારક ક્ષમતાનો ડર એટલો હતો કે પાકિસ્તાનને પણ સમજાઈ ગયું હતું કે સિંધુ નદીના પૂર્વમાં તેનુ કોઈ પણ હવાઈ પ્લેટફોર્મ સુરક્ષીત નહીં રહે. મજબુર થઈને પાકિસ્તાને પોતાના તમામ સક્રિય લડાકુ વિમાનો અને હવાઈ પ્લેટફોર્મને ભારતીય મિસાઈલોથી બચાવવા માટે ક્વેટા અને પેશાવર એરબેઝ પર શિપ્ટ કરવા પડયા હતા. હાફળા ફાફળા થયેલા પાકિસ્તાને પંજાબ અને ગુજરાતમાં તૈનાત ભારતની બે એસ-૪૦૦ સિસ્ટમને નિશાન બનાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો જેમાં તે સફળ નહોતું રહ્યું. કેન્દ્રની મોદી સરકારે હવાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને પાંચ એસ-૪૦૦ સિસ્ટમની ખરીદીને મંજૂરી આપી દીધી હતી.

**ચોથી એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ રાજસ્થાનમાં તૈનાત થવાની શક્યતા, વર્ષના અંત સુધીમાં પાંચમી સિસ્ટમ પણ મળવાની આશા**





# સ્પોર્ટ્સ ન્યુઝ

શ્રીલંકા ક્રિકેટ બોર્ડ (SLC)માં મોટો મોટો ફેરફાર

## બોર્ડના ચેરમેન શમ્મી સિલ્વાએ આપ્યું રાજીનામું

**દેશના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે બોર્ડમાં ફેરફાર પર ભાર મુક્યા બાદ સિલ્વાએ આ નિર્ણય લીધો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા.૨૯ :** શ્રીલંકા ક્રિકેટ બોર્ડ (SLC)માં મોટો મોટો ફેરફાર થયો છે. લાંબા સમય સુધી બોર્ડના ચેરમેન તરીકે સેવા આપનારા શમ્મી સિલ્વાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. દેશના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે બોર્ડમાં ફેરફાર પર ભાર મુક્યા બાદ સિલ્વાએ આ નિર્ણય લીધો હતો. સિલ્વા ૨૦૧૯થી શ્રીલંકા ક્રિકેટ બોર્ડના ચેરમેન હતા. તેમની સાથે અન્ય અધિકારીઓએ પણ એક સાથે રાજીનામા આપ્યા છે. આ રાજીનામા તાત્કાલિક અસરથી સ્વીકારવામાં આવ્યા છે.

SLC દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, શ્રીલંકા ક્રિકેટના ચેરમેન શમ્મી સિલ્વાએ આજે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

તેમની સાથે SLC એક્ઝિક્યુટિવ કમિટીના પદાધિકારીઓ અને સભ્યોએ પણ રાજીનામું આપી દીધું છે. નિવેદનમાં વધુમાં ઉમેરવામાં આવ્યું છે કે, ચેરમેન અનુરા કુમારા દિસાનાયકે અને માનનીય યુવા બાબતો અને રમતગમત મંત્રી સુનીલ કુમારા ગામગેને આ નિર્ણયની ઔપચારિક રીતે જાણ કરવામાં આવી છે.

આ રાજીનામા ૨૮ એપ્રિલ, મંગળવારના રોજ યોજાયેલી SLC એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક બાદ આપવામાં આવ્યા હતા. આ બેઠક દરમિયાન શમ્મી સિલ્વાની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા તેમના સંબંધિત પદ પરથી સામૂહિક રીતે રાજીનામું આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

શ્રીલંકા સરકાર હવે વચ્ચેના સમયગાળા માટે બોર્ડનું સંચાલન કરવા માટે એક વચગાળાની સમિતિની નિમણૂક કરે તેવી અપેક્ષા છે. આ સમિતિનું નેતૃત્વ પૂર્વ સંસદ સભ્ય એરન વિક્રમારત્ને કરે તેવી શક્યતા છે. આ નવી સેટઅપમાં પૂર્વ ક્રિકેટરો સિદાથ વેટ્ટીમુની અને રોશન મહાનામાને પણ સુધારાઓના અમલીકરણને ઝડપી બનાવવા માટે ભૂમિકાઓ સોંપવામાં આવી શકે છે. જોકે હજુ સુધી સત્તાવાર રીતે કંઈ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ એવા અહેવાલો છે કે તેમને બોર્ડની જવાબદારી સોંપવામાં આવશે.

શમ્મી સિલ્વાએ પહેલીવાર ફેબ્રુઆરી ૨૦૧૯માં બોર્ડના ચેરમેનનું પદ સંભાળ્યું હતું. તેમના પહેલા થિલાંગા સુમતિપાલાએ જીન્ઝના ચેરમેન તરીકે સેવા આપી હતી. સુમતિપાલાને પોતે ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરવો પડ્યો હતો. શરૂઆતમાં સુમતિપાલાના વફાદાર માનવામાં આવતા, સિલ્વાએ સતત ચાર બોર્ડ ચૂંટણીઓ જીતીને પોતાનું સ્થાન મજબૂત કર્યું. હકીકતમાં ત્રણ વખત તેઓ જીન્ઝના ચેરમેનતરીકે બિનહરીફ ચૂંટાયા હતા.

જો કે, તેમના કાર્યકાળ દરમિયાન શ્રીલંકાની પુરુષ અને મહિલા બંને ટીમોનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. જ્યારે ટીમો આ સમયગાળા દરમિયાન એશિયા કપ ટાઈટલ જીતવામાં સફળ રહી, તેઓ ICC ઈવેન્ટ્સમાં સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા. આ મહિનાની શરૂઆતમાં ગેરી કર્સ્ટનને શ્રીલંકન ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સૌથી ઝડપી ૪૦૦ રન ફટકાર્યા

## રાજસ્થાન રોયલ્સના વૈભવ સૂર્યવંશીએ કમાલનો રેકોર્ડ બનાવ્યો

**વૈભવ સૂર્યવંશીએ પંજાબ સામે ૪૩ રન બનાવતાની સાથે જ આ સિઝનમાં સૌથી વધુ ૪૦૦ રન બનાવી લીધા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯ :** પંજાબ કિંગ્સ સામે વૈભવ સૂર્યવંશી ભલે અડધી સદી ન ફટકારી શક્યો, પરંતુ ૧૫ વર્ષના આ ખેલાડીએ ૧૬ બોલમાં ૫ છગ્ગા અને ૩ ચોગ્ગાની મદદથી ૪૩ રન ફટકારી દીધા. આ ખેલાડીએ આ ઈનિંગ દરમિયાન એક એવો રેકોર્ડ પોતાના નામે કર્યો જે ખરેખર અદભૂત સિદ્ધિ છે. વૈભવ સૂર્યવંશીએ પંજાબ સામે ૪૩ રન બનાવતાની સાથે જ આ સિઝનમાં સૌથી વધુ ૪૦૦ રન બનાવી લીધા છે. આ સાથે ઓરેન્જ કેપ પણ તેના માથે સજ્જ થઈ ગઈ છે. સાથે જ વૈભવ IPLમાં સૌથી ઝડપી ૪૦૦ રન ફટકારનાર ખેલાડી પણ બની ગયો છે.

વૈભવ સૂર્યવંશી IPLની એક સિઝનમાં સૌથી ઓછા બોલમાં ૪૦૦ રન બનાવનાર ખેલાડી બની ગયો છે. વૈભવે ૧૬૭ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા જે એક રેકોર્ડ છે. સૂર્યવંશીએ આન્દ્રે રસેલનો રેકોર્ડ તોડ્યો છે, જેમણે વર્ષ ૨૦૧૯માં ૧૮૮ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા હતા. વર્ષ ૨૦૨૪માં અભિષેક શર્માએ ૧૯૫ બોલમાં ૪૦૦ રન બનાવ્યા હતા.

ગયા વર્ષે નિકોલસ પૂરને ૧૯૭ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા હતા. પરંતુ હવે આ રેકોર્ડ સૂર્યવંશીના નામે થઈ ગયો છે. ૧૫ વર્ષના આ ઓપનિંગ બેટ્સમેને આ સિઝનમાં ૩૭ છગ્ગા અને ૩૪ ચોગ્ગા ફટકાર્યા છે. તે એક સદી અને ૨ અડધી સદી ફટકારી ચૂક્યો છે.

IPL સિઝનમાં સૌથી ઝડપી ૪૦૦ રન (બોલ દ્વારા)

૧૬૭ - વૈભવ સૂર્યવંશી
૧૮૮ - આન્દ્રે રસેલ
૧૯૫ - અભિષેક શર્મા
૧૯૭ - નિકોલસ પૂરન
૨૦૦ - ગ્લેન મેક્સવેલ

વૈભવ સૂર્યવંશીએ ગયા વર્ષે જ IPLમાં ડેબ્યૂ કર્યું હતું અને આ ખેલાડી અત્યાર સુધીમાં ૬૧ છગ્ગા ફટકારી ચૂક્યો છે. તેના ડેબ્યૂ પછી કોઈપણ બેટ્સમેને સૂર્યવંશીથી વધુ છગ્ગા માર્યા નથી. સૂર્યવંશીના ૬૧ છગ્ગા પછી ૪૬ છગ્ગા સાથે અભિષેક શર્મા બીજા નંબરે છે.

વૈભવ સૂર્યવંશીએ પંજાબ સામે રાજસ્થાનને તોફાની શરૂઆત અપાવી. તેણે લોકી ફર્ગ્યુસન જેવા બોલરની ઓવરમાં ૨ છગ્ગા ફટકારી દીધા. માર્કો યાનસન અને અર્શદીપ સિંહ સામે પણ બેટિંગનું આક્રમક વલણ રાખ્યું. જણાવી દઈએ કે વૈભવ સૂર્યવંશી આ સિઝનમાં પાવરપ્લેમાં ૧૩૦ બોલમાં ૩૧૯ રન બનાવી ચૂક્યો છે. તે પાવરપ્લેમાં ૪ વખત આઉટ જરૂર થયો છે પરંતુ તેનો સ્ટ્રાઈક રેટ ૨૪૫.૪ છે. તે પાવરપ્લેમાં ૨૯ છગ્ગા અને ૨૯ ચોગ્ગા ફટકારી ચૂક્યો છે.

BCCI ના કડક નિયમો અને કાર્યવાહીની શક્યતા

## લાઈવ મેચમાં ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટ પીતાં ઝડપાયો સ્ટાર ખેલાડી!

**રાજસ્થાન રોયલ્સ ટીમના કેપ્ટન રિયાન પરાગ ડ્રેસિંગ રૂમમાં વેપિંગ (ઈ-સિગારેટ) કરતા કેમેરામાં કેદ થઈ ગયા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯ :** મહારાજા યાદવિન્દ્ર સિંહ સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સ સામે રાજસ્થાન રોયલ્સની રોમાંચક જીત બાદ એક નવો વિવાદ સર્જાયો છે. ટીમના કેપ્ટન રિયાન પરાગ ડ્રેસિંગ રૂમમાં વેપિંગ (ઈ-સિગારેટ) કરતા કેમેરામાં કેદ થઈ ગયા છે, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ખળભળાટ મચી ગયો છે. રાજસ્થાનની ટીમે ૨૨૩ રનનો વિશાળ લક્ષ્યાંક સફળતાપૂર્વક પાર પાડ્યો હતો, પરંતુ આ ભવ્ય જીત પર રિયાન પરાગની આ હરકતે પાણી ફેરવી દીધું છે. વાયરલ વીડિયોમાં પરાગ ડ્રેસિંગ રૂમમાં યશસ્વી જાયસ્વાલ અને ધ્રુવ જુરેલની હાજરીમાં ઈલેક્ટ્રોનિક વેપ ડિવાઈસનો ઉપયોગ કરતા દેખાઈ રહ્યા છે. પરાગે આ વાત છુપાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કેમેરાની નજરથી બચી શક્યા નહીં.


IPL ના શિસ્તભંગના નિયમો મુજબ ડ્રેસિંગ રૂમ કે ડગઆઉટમાં કોઈપણ પ્રકારનું સ્મોકિંગ કે વેપિંગ સખત રીતે પ્રતિબંધિત છે. આ મામલે હવે BCCI અને IPL ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા તપાસ થઈ શકે છે. પરાગને ભારે દંડ, ચેતવણી અથવા મેચ બેનનો સામનો કરવો પડી શકે છે. ભારતમાં PECA ૨૦૧૯ હેઠળ ઈ-સિગારેટ અને વેપિંગ ડિવાઈસ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. આ કાયદા હેઠળ દંડ અને જેલની સજાની જોગવાઈ પણ છે.

રાજસ્થાન રોયલ્સ માટે આ પહેલો વિવાદ નથી. અગાઉ ટીમના મેનેજર રોમી ભિંડરને ડગઆઉટમાં ફોન વાપરવા બદલ ૧ લાખનો દંડ થયો હતો. હવે કેપ્ટનની આ હરકતે ટીમના અનુશાસન પર સવાલો ઉભા કર્યા છે. સોશિયલ મીડિયા પર ચાહકો પણ ટીમના કેપ્ટનના આવા વર્તન સામે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

જ્યાં જ્યાં EVM પર લાગી ટેપ, ત્યાં ફરીથી મતદાનના આદેશ

# EVMમાં ભાજપના બટન પર લગાવી ટેપ, બંગાળમાં ચૂંટણી વચ્ચે TMC પર ધાંધલીનો આરોપ

**ટીએમસી ઉમેદવારના નજીકના સહયોગી જહાંગીર ખાનની પોલીસ નિરીક્ષક અજય પાલ શર્મા સાથે ઉગ્ર દલીલ**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૨૯**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. ડાયમંડ હાર્બર લોકસભા મતવિસ્તારમાં આવતી ફાલ્ટા બેઠક સમાચારમાં છે. મતદાનના દિવસે EVM સાથે ચેડા અને ડક્ટ ટેપથી ઢંકાયેલા બટનોના ગંભીર આરોપો સામે આવ્યા હતા.

અભિષેક બેનર્જીના મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર દેવાંશુ પાંડાએ આરોપ લગાવ્યો હતો કે ઘણા બૂથ પર, તેમના નામની બાજુના બટનો અને EVM મશીનો પર પાર્ટીના ચૂંટણી પ્રતીક પર ટેપ લગાવવામાં આવી હતી જેથી મતદારો ભાજપની તરફેણમાં મતદાન ન કરી શકે.

ભાજપ IT સેલના વડા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વીડિયો શેર કર્યો હતો, જેમાં EVM બટનોને ઢાંકતી ટેપ દેખાઈ રહી હતી. તેને ડાયમંડ હાર્બર મોડેલ ગણાવતા તેમણે કહ્યું હતું કે, “મમતા બેનર્જી આવા ગુનેગારો (જહાંગીર ખાન) ને રક્ષણ આપી રહ્યા હતા. ઘણા બૂથ પર ભાજપને મત આપવાનો વિકલ્પ ટેપથી બંધ કરી દેવામાં આવ્યો છે.” માલવિયાએ ખાસ કરીને બૂથ નંબર ૧૪૪, ૧૭૦ અને ૧૮૯નો ઉલ્લેખ કર્યો હતો.

એ નોંધવું જોઈએ કે, ટીએમસી ઉમેદવાર અને અભિષેક બેનર્જીના નજીકના સહયોગી જહાંગીર ખાનનો અગાઉ પોલીસ નિરીક્ષક અજય પાલ શર્મા સાથે ઉગ્ર દલીલ થઈ હતી. શર્માએ મતદાન પહેલાં જહાંગીર ખાન અને તેમના પરિવારને ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ ન પહોંચાડવા ચેતવણી આપી હતી. મતદાનના દિવસે, જહાંગીર ખાન તેમના પક્ષ કાર્યાલયના યુદ્ધ ખંડ સુધી સીમિત રહ્યા, જ્યારે તેમના સમર્થકો અને પોલીસ વચ્ચે બહાર તણાવ ચાલુ રહ્યો.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજકુમાર અગ્રવાલે કહ્યું કે, જે પણ મતદાન કેન્દ્ર પર ઈવીએમ ઉપર કાળી કે સફેદ ટેપ લગાવવામાં આવી છે ત્યાં ફરીથી મતદાન કરાવવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે, જો કોઈ વિધાનસભા વિસ્તારમાં મોટી સંખ્યામાં બુથમાંથી આ પ્રકારની ટેપ મળવાની ઘટનાઓ સામે આવશે તો સમગ્ર વિધાનસભા વિસ્તારમાં ફરીથી મતદાન કરાવવામાં આવશે.

પશ્ચિમ બંગાળમાં EVM સાથે છેડછાડ અથવા મતદાન મથકોમાં ગોટાળાના આરોપો નવા નથી. ૨૦૨૧ની ચૂંટણી દરમિયાન અનેક મતવિસ્તારોમાં આવા જ વિવાદો જોવા મળ્યા હતા. ચૂંટણી પંચે આ વખતે મતદાન મથકોની અંદર અને બહાર શાંતિ સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા માટે NIA અને વધારાના કેન્દ્રીય દળો તૈનાત કર્યા છે.

રસપ્રદ વાત એ છે કે શેર કરાયેલા વીડિયોમાં માત્ર ભાજપના ઉમેદવાર જ નહીં પરંતુ CPM ઉમેદવારના બટનો પર ટેપ બતાવવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, ડાબેરી પક્ષે હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી.

મહુઆ મોઈત્રા રિક્ષામાં આવ્યા

## બંગાળમાં સુવેન્દુનો મોટો આરોપ, TMCએ ૭૫૦ નકલી આંગળીઓ ખરીદી

**ઈ-રિક્ષામાં બેસીને વોટ આપવા આવેલા મહુઆ મોઈત્રા ભાજપ પર પ્રહારો કરતા જોવા મળ્યા હતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૨૯**

પશ્ચિમ બંગાળની ભવાનીપુર બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુવેન્દુ અધિકારીએ બીજા તબક્કાના મતદાનની વચ્ચે ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, TMCએ બોગસ મતદાન કરાવવા માટે ૭૫૦ આર્ટિફિશિયલ (કૃત્રિમ) આંગળીઓ ખરીદી છે. તેમણે પત્રકારો સાથે વાત કરતી વખતે પોતાના મોબાઈલમાં એક આંગળીની તસવીર બતાવીને તેને નમૂનો ગણાવ્યો હતો. જોકે, સત્તારૂઢ પાર્ટી (TMC)એ ભવાનીપુર બેઠક અંગેના આ આરોપોનું ખંડન કર્યું છે.

સુવેન્દુ અધિકારીએ દાવો કર્યો હતો કે કાઉન્સિલરોએ મતદાનમાં ગોટાળા કરવા માટે ૭૦૦થી વધુ નકલી આંગળીઓ ખરીદી હતી. ભાજપના વરિષ્ઠ નેતાની બેઠક સમાચારમાં છે. તેઓ ભવાનીપુરમાં રાજ્યના મુખ્યમંત્રી અને ટીએમસીના વડા મમતા બેનર્જી સામે ચૂંટણી લડી રહ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે ટીએમસી આ સહન કરશે નહીં. નકલી આંગળીઓથી ચૂંટણીમાં છેડછાડ કરવાના પ્રયાસો સફળ થશે નહીં.

વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી નંદીગ્રામથી પણ ચૂંટણી લડી રહ્યા છે, જ્યાં તેઓ વર્તમાન ભાજપના ધારાસભ્ય છે. કેટલાક ભાજપના નેતાઓ છેલ્લા કેટલાક સમયથી એવું સૂચન કરી રહ્યા છે કે બંગાળમાં મતદારોને પ્રભાવિત કરવા માટે આંગળીઓમાં સિલિકોન અથવા પરફ્યુમ લગાવવાનો પ્રયાસ થઈ શકે છે જેનાથી વોટરોને પ્રભાવિત કરી શકાય.

સુવેન્દુ અધિકારીએ એવો પણ દાવો કર્યો હતો કે ભવાનીપુરમાં બૂથ લેવલ ઓફિસર્સ (BLO) દ્વારા વહેંચવામાં આવેલી ૩,૮૧૦ બૂથ સ્લિપ વહેંચાયા વગર જ પરત આવી ગઈ છે. તેમણે કહ્યું કે આવા મતદારોની યાદી ચિહ્નિત કરી લેવામાં આવી છે અને ભવાનીપુરના લોકો પરિવર્તન માટે તૈયાર છે અને પોતાના વોટો મારફતે તેનો જવાબ આપશે.

મતદાન કરવા પહોંચેલા સુવેન્દુએ એક કિસ્સો શેર કરતા કહ્યું કે, ગઈકાલે તેમને કાલીબાડીમાં એક વ્યક્તિ મળ્યો હતો જે ખાસ ફ્રાન્સથી વોટ આપવા આવ્યો હતો. તેમણે લોકોને વધુમાં વધુ મતદાન કરવાની અપીલ કરી હતી. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના બીજા અને અંતિમ તબક્કા માટે આજે ૧૪૨ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે.

નાદિયામાં કરીમપુર ગર્લ્સ હાઈસ્કૂલના પોલિંગ બૂથ નંબર ૧૨૦ પર મતદાન કર્યા બાદ TMC સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું કે, “ચૂંટણી પંચે સૂચના આપી છે કે મોટરગાડી લઈને આવવું નહીં, તેથી હું ટોટો (ઈ-રિક્ષા) માં આવી છું. ભાજપ પર પ્રહાર કરતા તેમણે જણાવ્યું કે, અમે લોકશાહી બચાવવા માટે અહીં છીએ.

## પ.બંગાળમાં બીજા તબક્કામાં મતદાન લોહિયાળ, ઠેર ઠેર હિંસા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૨૯**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાનું મતદાન બુધવારે હિંસક ઘટનાઓ અને રાજકીય આક્ષેપ-પ્રતિક્ષેપ વચ્ચે ચાલી રહ્યું છે. નોઆપાડા, ફલતા અને બાલી જેવા વિસ્તારોમાં EVM ગરબડ અને ભાજપ-TMC કાર્યકરો વચ્ચેની અથડામણને કારણે વાતાવરણ તણાવપૂર્ણ બન્યું છે.

ઉત્તર ૨૪ પરગણાના બારાનગરમાં બૂથ નંબર ૭૨ પર પાંચ વખત EVM મશીન બદલવા છતાં મતદાન શરૂ ન થઈ શકતા મતદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અનેક મતદારો કંટાળીને મતદાન કર્યા વગર જ ઘરે પરત ફર્યા હતા. તો બીજી તરફ, નોઆપાડામાં ભાજપના નેતા અર્જુન સિંહે TMC પર બૂથની બહાર ડમી EVM રાખીને મતદારોને ભ્રમિત કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

**ચારે તરફ હિંસાના દ્રશ્યો**

નાદિયા: ચાપડામાં ભાજપના પોલિંગ એજન્ટ મોશર્રફ મિર પર લોહેના રોડથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેમના માથામાં ૬ ટાંકા આવ્યા છે.

પનિહાટી: અહીં RG Kar પીડિતાની માતા અને ભાજપના ઉમેદવાર રત્ના દેબનાથને TMC કાર્યકરોએ ઘેરી લેતા હોબાળો થયો હતો. પોલીસને ભીડને વિખેરવા હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો.

ભવાનીપુર: VIP સીટ ગણાતી ભવાનીપુરમાં શુભેન્દુ અધિકારીની હાજરીમાં જય શ્રી રામ અને ‘જય બાંગ્લા’ના નારા લાગતા હાઈ-વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.

હિંસા અને છૂટાછવાયા બનાવો હોવા છતાં બંગાળમાં ભારે મતદાન જોવા મળી રહ્યું છે. ચૂંટણી પંચના આંકડા મુજબ, ૧૪૨ બેઠકો પર બપોરે ૧ વાગ્યા સુધીમાં ૬૧ ટકાથી વધુ મતદાન નોંધાયું છે. દક્ષિણ ૨૪ પરગણા અને હાવડાના અનેક બૂથ પર લાંબી કતારો જોવા મળી રહી છે. પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે કેન્દ્રીય સુરક્ષા દળોએ મોરચો સંભાળ્યો છે અને બાલી વિસ્તારમાંથી બે તોફાની તત્વોની ધરપકડ પણ કરવામાં આવી છે.

## ધાર્મિક પ્રવૃત્તિના નામે રોડ બ્લોક ના કરી શકો : સબરીમાલા કેસમાં સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯**

સબરીમાલામાંમહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ સહિતના આવા મામલા પર હાલ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. એવામાં સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું છે કે દરેક ધાર્મિક સંસ્થાના નિયમો હોવા જોઈએ, ધાર્મિક સંસ્થાના સંચાલનનો અર્થ અરાજકતા ના થઇ શકે. સાથે જ સુપ્રીમે કહ્યું કે, ધાર્મિક કાર્યોના નામે રોડ બ્લોક ના કરી શકાય. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત નવ ન્યાયાધીશોની બંધારણીય બેંચ દ્વારા મહિલાઓના અધિકારો અને ધાર્મિક રીતી રીવાજો, પ્રવેશબંધી વગેરે મુદ્દે થયેલી અરજીઓની સંયુક્ત રીતે સુનાવણી ચાલી રહી છે.

સુનાવણી દરમિયાન ન્યાયાધીશ અમાનુલ્લાહે કહ્યું હતું કે, મેનેજમેન્ટનો મતલબ એ ન થાય કે ત્યાં કોઇ જ માળખુ કે નીતિ નિયમો જ ના હોય, દરેક પ્રક્રિયા માટે એક નિયમ હોવો જોઇએ. દરગાહ હોય કે મંદિર પૂજાપાઠ વગેરે કાર્યો માટે એક રીત હોય છે. દરેક પોતાની મન મરજી કરે તે ના ચલાવાય. સુપ્રીમે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ધાર્મિક નિયમો બંધારણથી ઉપર ના હોઇ શકે, ધાર્મિક નિયમોમાં પણ બંધારણનું પાલન થવું જોઇએ. અને તેથી કોઇ પણ પ્રકારનો ભેદભાવ ના ચલાવી લેવાય. ન્યાયાધીશ અમાનુલ્લાહે કહ્યું હતું કે, કોઇ પણ ધર્મ સાથે જોડાયેલ ધાર્મિક સ્થળ કેમ ના હોય ત્યાં અરાજક્તા ના ચલાવી લેવાય, પૂજાપાઠ ઇબાદત વગેરેની એક રીત હોય છે. એવું ના હોવું જોઇએ કે કોઇ આવીને કહે કે હું જેમ ઇચ્છુ તેમ જ થવું જોઇએ. જે પણ ધાર્મિક નિયમો ઘડવામાં આવે કે અમલ કરવામાં આવે તે બંધારણથી ઉપર ના હોવા જોઇએ, તેમાં પણ બંધારણનું પાલન થયેલુ હોવું જરૂરી છે. આ મામલામાં હજુ પણ આગળ સુનાવણી ચાલુ રહેશે.

ડિજિટલ ફ્રોડ સામેના પગલાં અંગે સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રનો સ્ટેટસ રીપોર્ટ

## ડિજિટલ એરેસ્ટમાં સંડોવાયેલા ૯,૪૦૦ વોટ્સએપ એકાઉન્ટ બ્લોક કરાયા

**વોટ્સએપ આગામી સમયગાળામાં લોગો ડિટેક્શન અને યુઝર્સ એલર્ટ જેવી સિસ્ટમ અમલી બનાવી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯**

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે, ડિજિટલ એરેસ્ટ સ્કેમના વધતા જોખમનો સામનો કરવા માટે ટેલિકોમ નિયમનકારી સંસ્થાઓ, ટેલિકોમ કંપનીઓ, આરબીઆઇ, ટેકનોલોજી કંપનીઓ અને સીબીઆઇ સાથે મળીને પગલાં લઈ રહી છે અને ચાલુ વર્ષે અત્યાર સુધી 9,400 વોટ્સએપ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકાયો છે. આ ઉપરાંત વોટ્સએપ આગામી સમયગાળામાં લોગો ડિટેક્શન અને યુઝર્સ એલર્ટ જેવી સિસ્ટમ અમલી બનાવી રહી છે.

દેશમાં ડિજિટલ એરેસ્ટના વધતા જતાં કેસોને ડામવા માટે 9 ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટના આદેશને પગલે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)એ સર્વગ્રાહી સ્ટેટસ રિપોર્ટ ફાઇલ કર્યો હતો. ડિજિટલ એરેસ્ટ સહિત ઓનલાઈન ફ્રોડની સુઓ-મોટો નોંધ લઈ ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ખંડપીઠે શ્રેણીબદ્ધ નિર્દેશો જારી કર્યા હતાં, જેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI), ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) અને બીજા પક્ષકારોને ડિજિટલ ધરપકડના કેસોમાં વળતર પૂરું પાડવા માટે એક માળખું તૈયાર કરવા માટે સંયુક્ત રીતે બેઠક યોજવા જણાવ્યું હતું.

એટર્ની જનરલ આર વેંકટરામણીએ દાખલ કરેલા નવા સ્ટેટસ રિપોર્ટમાં આ વર્ષે જાન્યુઆરીથી છેલ્લા 12 અઠવાડિયામાં ટેક જાયન્ટ વ્હોટસએપે લીધેલા પગલાંની વિગતવાર માહિતી આપી હતી. સ્ટેટસ રીપોર્ટમાં જણાવાયું હતુ કે I4C, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય, દૂરસંચાર વિભાગે આ અંગે વ્યક્ત કરેલી ચિંતાને ધ્યાનમાં રાખીને વોટ્સએપએ ભારતીય યુઝર્સને ટાર્ગેટ કરતાં ડિજિટલ એરેસ્ટ સ્કેમને ફોકસ કરીને જાન્યુઆરી 2026માં વિશેષ તપાસ ચાલુ કરી હતી. ડિજિટલ એરેસ્ટમાં કથિત સંડોવણી બદલ 9,400 એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકાયો હતો. યુઝર્સને વધુ સુરક્ષિત રાખવા વોટ્સએપ આગામી સમયગાળામાં લોગો ડિટેકશન સહિતના કેટલાંક એન્ફોર્સમેન્ટ ઈનોવેશન્સ લાગુ કરી રહી છે. જેમાં ડિસ્પ્લે પિક્ચર્સમાં પોલીસ અથવા સરકારી ચિહ્નનો દુરુઉપયોગ કરતાં એકાઉન્ટ્સને ઓળખવા અને દૂર કરવા માટેની સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

# ઈરાનની વધી રહી છે મુશ્કેલીઓ : નહીં ખુલે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, ટ્રમ્પે બનાવી લાંબી અને ખતરનાક યોજના

**અમેરિકા કહે છે કે જ્યાં સુધી ઈરાન કોઈ કરાર પર સંમત ન થાય ત્યાં સુધી તે નાકાબંધી હટાવશે નહીં**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૯**

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વભરમાં ઈંધણ પુરવઠા માટેનો સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. જો કે, છેલ્લા બે મહિનાથી અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી આ માર્ગ ગંભીર રીતે પ્રભાવિત થયો છે. શિપિંગ બંધ કરવામાં આવ્યું છે, અને ઘણા દેશોમાં ઈંધણની અછત પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહી છે.

આ દરમિયાન, એવા અહેવાલો છે કે આ માર્ગ લાંબા સમય સુધી બંધ રહી શકે છે. આ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી યોજનાને કારણે છે. એક અહેવાલમાં ખુલાસો થયો છે કે ટ્રમ્પ હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરીને ઈરાનને કાયમી ફટકો મારવાની યોજના બનાવી રહ્યા છે. આ સમાચાર વોલ સ્ટ્રીટ જર્નલમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ પર આધારિત છે. અહેવાલ મુજબ, ટ્રમ્પ હોર્મુઝની લાંબી નાકાબંધીની યોજના બનાવી રહ્યા છે. ટ્રમ્પે તેમના અધિકારીઓને "લાંબા ગાળાના યુદ્ધવિરામ" માટે તૈયારી કરવા પણ સૂચના આપી છે.

અહેવાલ છે કે ટ્રમ્પે અગાઉ બે અન્ય વિકલ્પો પર વિચાર કર્યો હતો, જેમાં કાં તો ઈરાન પર હુમલા ફરી શરૂ કરવા અથવા કાયમી ધોરણે યુદ્ધનો અંત લાવવા. જો કે, બંને વિકલ્પો અમેરિકા માટે નોંધપાત્ર જોખમો ઉભા કરે છે. તેથી, ટ્રમ્પે હવે નાકાબંધી ચાલુ રાખવા અને ઈરાન પર આર્થિક દબાણ લાવવાનું નક્કી કર્યું છે.

યુએસ ઈરાનની તેલ નિકાસમાં વિક્ષેપ પાડીને ઈરાનને ભારે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ ઈરાનની તેલ નિકાસ માટે મહત્વપૂર્ણ છે, અને આ માર્ગ દ્વારા ઈરાની તેલ ટેક્કરોની અવરજવરને પ્રતિબંધિત કરીને, અમેરિકા આ જીવનરેખાને કાપી નાખવાનો પ્રયાસ કરી રહ્યું છે.

યુ.એસ.એ નાકાબંધી લગાવ્યા પછી, ઈરાનની નિકાસમાં તીવ્ર ઘટાડો થયો છે, અને તેની અર્થવ્યવસ્થા પર અસર હવે સ્પષ્ટપણે દેખાઈ રહી છે. યુ.એસ. અધિકારીઓ માને છે કે આ વ્યૂહરચના સીધા યુદ્ધને ટાળીને ઈરાન પર દબાણ જાળવવાનો સંતુલિત માર્ગ છે. નિકાસ ફ્રીઝ પછી, અહેવાલો સૂચવે છે કે ઈરાને એટલું બધું તેલ એકઠું કર્યું છે કે તે તેને સંગ્રહિત કરી શકતું નથી. અહેવાલો સૂચવે છે કે ઈરાન પાસે હવે ફક્ત ૧૨થી ૨૨ દિવસ માટે સ્ટોરેજ સ્પેસ છે. સ્ટોરેજ ખતમ થતાં જ, ઈરાનને ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી શકે છે, જેની સીધી અસર ઈરાની સરકારની આવક પર પડશે. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે ઈરાન હવે અનેક અસામાન્ય પગલાં લઈ રહ્યું છે. ઈરાને તેના જૂના અને લાંબા સમયથી બંધ કરાયેલા ટેક્કરોનો ફરીથી ઉપયોગ શરૂ કરી દીધો છે. ઈરાને વારંવાર અમેરિકાને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે ચેતવણી આપી છે. તાજેતરમાં, ઈરાને અમેરિકાને એક નવો પ્રસ્તાવ મોકલ્યો છે. આ પ્રસ્તાવમાં, ઈરાને જણાવ્યું હતું કે જો અમેરિકા નાકાબંધી હટાવે છે, તો ઈરાન પણ પ્રતિબંધો હટાવશે, અને ત્યારબાદ કામચલાઉ યુદ્ધવિરામ પ્રસ્તાવ પર ચર્ચા થઈ શકે છે. ઈરાનનું કહેવું છે કે પરિસ્થિતિ સામાન્ય થયા પછી જ તે ઈરાનના પરમાણુ કાર્યક્રમના મુદ્દા પર વાતચીત કરશે.

# સુધરી જાવ...હવે હું મિસ્ટર NICE નહીં બનું : ડોનાલ્ડ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૯**

અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ કઈ બાજુ જઈ રહ્યું છે, તે કંઈ સ્પષ્ટ નથી. એક તરફ પ્રથમ તબક્કાની વાતચીત બાદ મામલો થંભી ગયો છે, તો બીજી તરફ બંને પક્ષો તરફથી ધમકીઓનો સિલસિલો યથાવત છે. હોર્મુઝમાંથી જહાજો વચ્ચે-વચ્ચે પસાર થતા જોવા મળી રહ્યા છે, પરંતુ તેની કોઈ સિસ્ટમ બની શકી નથી. અમેરિકા નૌસેનાની નાકેબંધી હટાવવા તૈયાર નથી અને ઈરાન હોર્મુઝ પર પોતાનો કબજો છોડવા માંગતું નથી. યુદ્ધના બે મહિના પછી પણ માત્ર બંને તરફથી નિવેદનબાજી થઈ રહી છે, શાંતિ કરાર તરફ કોઈ નક્કર પગલાં લેવામાં આવી રહ્યા નથી. ત્યારે હવે ટ્રમ્પે પરમાણુ હથિયારો મુદ્દે ઈરાનને અલ્ટિમેટમ આપી દીધું છે.

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ પોતાનું વલણ વધુ કડક બનાવ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર ચેતવણી આપતા કહ્યું કે ઈરાને ટૂંક સમયમાં પરમાણુ હથિયાર વગરનો કરાર કરવો પડશે, નહીં તો તેને ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે ઈરાન યોગ્ય રીતે કરાર કરતા જાણતું નથી અને તેણે ઝડપથી સમજણ બતાવવી જોઈએ. ટ્રમ્પની પોસ્ટ ઘણી ડ્રામેટિક છે, જેમાં તેઓ એક ગન સાથે વિસ્ફોટક આગની જ્વાળાઓ વચ્ચે જોવા મળી રહ્યા છે.

ઈરાનને ગર્ભિત ચેતવણી આપતા ફોટામાં ટ્રમ્પ હથિયાર સાથે જોવા મળી રહ્યા છે અને 'NO MORE MR. NICE GUY!' લખેલું છે, જે આગામી સમય કઈંક ઉંધું ચત્તું થઈ શકે તેવા સંકેત દર્શાવે છે.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ખોલવા અને યુદ્ધ ખતમ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જો કે અમેરિકા આ પ્રસ્તાવને લઈને પૂરી રીતે આશ્વસ્ત નથી અને ટ્રમ્પ તેનાથી સંતુષ્ટ દેખાતા નથી. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું કે ઈરાનનો પ્રસ્તાવ પહેલા કરતા સારો છે, પરંતુ કોઈ પણ કરાર એવો હોવો જોઈએ જેનાથી ઈરાન પરમાણુ હથિયાર બનાવવાની દિશામાં આગળ ન વધી શકે. ઈરાન તેના માટે સંમત નથી. ઈરાનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા રઝા તલાયી-નિકે અમેરિકાની માંગણીઓને ગેરકાયદેસર અને ખોટી ગણાવી અને કહ્યું કે હવે અમેરિકા કોઈ સ્વતંત્ર દેશ પર પોતાની શરતો લાદી શકે નહીં. મંગળવારે ટ્રમ્પે એક કાર્યક્રમમાં કહ્યું કે અમેરિકાએ ઈરાનને સૈન્ય રીતે હરાવ્યું છે અને તે ક્યારેય ઈરાનને પરમાણુ હથિયાર મેળવવા દેશે નહીં. આ દરમિયાન બ્રિટનના રાજા કિંગ ચાર્લ્સ III પણ હાજર હતા. જો કે ત્યારબાદ તરત જ ઈરાને ધમકી આપી હતી કે જો અમેરિકા કોઈ પણ પ્રકારનું ખોટું પગલું ભરશે તો તેના જહાજો દરિયામાં સળગતા જોવા મળશે.

## ડ્રગ્સ સિન્ડિકેટને જળમૂળમાંથી ઉખેડી ફેંકાશે: ગૃહમંત્રી

# તૂર્કીયેમાં ભરાઇને બેઠેલા ડોન દાઉદના સાગરિત સલિમને ભારત લવાયો

**ભારતમાં ડ્રગ્સની હેરાફેરીના અનેક કેસમાં સલિમ મોસ્ટ વોન્ટેડ ગુનેગાર જાહેર થયેલો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯**

ભારતને મળેલી એક મોટી સફળતામાં નાર્કોટિસ કન્ટ્રોલ બ્યુરોના અધિકારીઓ મંગળવારે આંતરરાષ્ટ્રીય સ્તરે માદક દ્રવ્યોની હેરાફેરી કરતા દાણચોર મોહંમદ સલિમ ડોલાને ભારત લઇ આવ્યા હતા અને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો, એમ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જાહેરાત કરી હતી.

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ખૂબ નજીકના સાથીદાર ગણાતા સલિમ ડોલાને માર્ચ-૨૦૨૪માં ભારતે કરેલી વિનંતીથી ઈન્ટરપોલ દ્વારા જારી કરાયેલી નોટિસના આધારે મંગળવારે તૂર્કીયેમાંથી ઝડપી લેવાયો હતો. ભારતમાં ડ્રગ્સની હેરાફેરીના અનેક કેસમાં સલિમ મોસ્ટ વોન્ટેડ ગુનેગાર જાહેર થયેલો હતો અને છેલ્લાં કેટલાંય સમયથી તે ભારતની વિવિધ એજન્સીઓને થાપ આપીને ભાગતો ફરતો હતો. સલિમે છેલ્લાં કેટલાંય વર્ષો ડ્રગ્સની હેરાફેરી કરીને એક આંતરરાષ્ટ્રીય સિન્ડીકેટ બનાવી હતી અને આ સિન્ડીકેટના સભ્યોએ ભેગા મળીને આફ્રિકા, મધ્ય-પૂર્વના દેશો અને યુરોપના સંખ્યાબંધ દેશોમાં ડ્રગ્સની હેરાફેરી માટે એક મજબૂત નેટવર્ક ઉભું કર્યું હતું. માદક દ્રવ્યોની હેરાફેરી કરતી સિન્ડીકેટ સામે ઝીરો ટોલરન્સની નીતિ ઉપર ભાર મૂકતા ગૃહમંત્રી અમિત શાહે એક્સ ઉપર મૂકેલી એક પોસ્ટમાં કહ્યું હતું કે, ડ્રગ્સની હેરાફેરી કરતી સિન્ડીકેટને જડમૂળમાંથી ઉખેડી નાંખવાના મોદી સરકારના મિશન અંતર્ગત આપણી નાર્કોટિક્સ એજન્સીએ વૈશ્વિક એજન્સીઓના માધ્યમથી હવે તેના પંજા સરહદ પાર વિદેશો સુધી ફેલાવ્યા છે, તેથી હવે તેઓ ક્યાં છુપાયેલાં છે તે મહત્વનું રહેતુ નથી, કેમ કે તેઓના માટે હવે કોઈ સ્થાન સલામત રહ્યું નથી.

## ચીને મોકલ્યા બે યુદ્ધજહાજ

# ચીને તાઇવાન પર દબાણ વધારવાનું શરૂ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તાઈવાન, તા.૨૯**

વિશ્વભરમાં અત્યારે યુદ્ધ અને વર્ચસ્વની લડાઈ તેજ બની રહી છે, જેમાં એક તરફ ઈરાન-અમેરિકા વચ્ચે તણાવ છે, તો બીજી તરફ ચીને તાઈવાન પર દબાણ વધારવાનું શરૂ કર્યું છે. તાઈવાનના સંરક્ષણ મંત્રીએ દાવો કર્યો છે કે ચીનના બે યુદ્ધ જહાજો પેંઘુ દ્વીપ સમૂહની નજીક દરિયાઈ વિસ્તારમાં જોવા મળ્યા હતા. આ ઘટના બાદ તાઈવાને તાત્કાલિક ધોરણે એલર્ટ જાહેર કરી દીધું છે. માનવામાં આવે છે કે ચીન આ રીતે તાઈવાન સ્ટ્રેટમાં પોતાની સૈન્ય હાજરી મજબૂત કરી રહ્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગંભીર તણાવ ઊભો થયો છે.

તાઈવાનના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પેંઘુ દ્વીપ સમૂહના દક્ષિણ-પશ્ચિમ જળ વિસ્તારમાં ચીનનું એક ડિસ્ટ્રોયર અને એક ફ્રિગેટ જહાજ ઘૂસી આવ્યા હતા. આ ચીની જહાજોની દેખરેખ માટે તાઈવાનની નૌકાદળ અને વાયુસેનાને તહેનાત કરી દેવામાં આવી છે. તાઈવાની સશસ્ત્ર દળોએ ચીની હિલચાલ પર કડક નજર રાખીને યોગ્ય વળતો જવાબ પણ આપ્યો છે. મંત્રાલયે આ યુદ્ધ જહાજોની આકાશી માર્ગે લેવાયેલી તસવીરો પણ જાહેર કરી છે, જોકે સુરક્ષાના કારણોસર ચોક્કસ લોકેશન જાહેર કર્યું નથી. નોંધનીય છે કે ચીન તાઈવાનને પોતાનો જ ભાગ ગણાવે છે અને અવારનવાર તેના જળ અને વાયુ ક્ષેત્રમાં સૈન્ય ઘૂસણખોરી કરતું રહે છે. તાઈવાન સરકારની વારંવારની નિંદા છતાં ચીન પોતાની આક્રમક વ્યૂહનીતિ બદલવા તૈયાર નથી. ચીનનું કહેવું છે કે તેની આ સૈન્ય પ્રવૃત્તિઓ ન્યાયસંગત છે અને તણાવ માટે તે તાઈવાનને જ જવાબદાર ગણાવે છે. બીજી તરફ, તાઈવાને ચીનના સાર્વભૌમત્વના દાવાને સ્પષ્ટપણે ફગાવી દીધો છે અને કહ્યું છે કે તાઈવાનનું ભવિષ્ય નક્કી કરવાનો અધિકાર માત્ર ત્યાંના લોકો પાસે જ છે.




## રામાયણ ફિલ્મનાં વીએફએક્સને નેગેટિવ કોમેન્ટ મળી રહી છે

# ધુરંધર ટ્રેલર લોન્ચ બાદ ટ્રોલ થઈ હતી, હવે રામાયણ પણ ભારે ટ્રોલ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ધુરંધર ફિલ્મની જંગી સફળતા તેને બેસ્ટ ફિલ્મમાં મુકી રહી છે ત્યારે નોંધનીય છે કે આ ફિલ્મનું ટ્રેલર લોન્ચ થયું હતું ત્યારે કેટલાક લોકોએ તેને ટ્રોલ કરી હતી. આ ફિલ્મના કાસ્ટિંગ ડાઈરેક્ટર મુકેશ છાબડા હતાં. ફિલ્મની સફળતા બાદ સૌથી વધારે પ્રસંશા મુકેશ છાબડાની થઈ હતી કેમ કે તેના કલાકારો અસલ જીવનના કેરેક્ટર્સ સાથે એટલા બધા મેચ થતાં હતાં કે લોકોનો ઈન્ટરેસ્ટ વધી ગયો હતો.

મુકેશ છાબડા અપકમિંગ મલ્ટિસ્ટારર ફિલ્મ રામાયણમાં પણ કાસ્ટિંગ કર્યું છે. હવે મજાની વાત એ છે કે, રામાયણનું ટીઝર લોન્ચ થયાં બાદ કેટલાક લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. મુકેશ છાબડા કહે છે કે આવી ચિજોના કારણે તેને ડર લાગે છે પણ દર્શકો ખુબ સ્માર્ટ છે. મુકેશ કહે છે કે વર્તમાનમાં નેગેટિવિટી ખુબ વધી ગઈ છે. મને નથી ખબર કે આ બધુ કોણ કરાવે છે અને કેવી રીતે કરાવે છે. લોકો ઓવરજજ કરવા લાગે છે. મને નથી ખબર પણ હાલમાં કોઈની પણ સાથે આવું થઈ શકે છે. ટ્રોલ કલ્ચર ખુબ વધી ગયું છે.

નોંધનીય છે કે, ધુરંધરને લઈને ઈન્ટરર્નેટ બે ભાગમાં વહેચાયેલું રહ્યું છે. ખુબ લોકોએ તેને બહુ પસંદ કરી છે જ્યારે કેટલાક લોકો તેને પ્રોપેગેન્ડા ફિલ્મ કહી રહ્યા છે. કેટલાક લોકો તેમાં દર્શાવવામાં આવેલી હિંસા વિરુદ્ધ પણ બોલ્યા. હવે રામાયણનું ટીઝર લોંચ થયાં બાદ કેટલાક લોકો રણબીર કપુરના લુકની પ્રસંસા કરી રહ્યા છે ત્યારે તેના વીએફએક્સને નેગેટિવ કોમેન્ટ મળી રહી છે.

## દીપિકાની પ્રેગનન્સીને ધ્યાને રાખીને નિર્ણય

# રાકામાં દીપિકાનાં એક્શન દ્રશ્યો માટે બોડી ડબલનો ઉપયોગ થશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

દીપિકા પદુકોણ હાલ બીજીવાર પ્રેગનન્ટ છે તેમ છતાં પણ તે અલ્લુ અર્જુન સાથેની ફિલ્મ 'રાકા'નું શૂટિંગ ચાલુ રાખવાની છે. જોકે, આ ફિલ્મમાં હવે તે એક્શન દ્રશ્યોનું શૂટિંગ નહીં કરે. તેને બદલે તેના માટે બોડી ડબલનો ઉપયોગ કરાશે.

દિગ્દર્શક એટલી દીપિકાના ક્લોઝ અપ્સ લઈ લેશે. બાદમાં દીપિકાનાં એક્શન દ્રશ્યોમાં વીએફએક્સની મદદથી તે મિક્સ કરી દેવાશે. દીપિકાનું કુલ ૫૦ દિવસનું શૂટિંગ છે. તે દરમિયાન તે ઈમોશનલ દ્રશ્યોનું શૂટિંગ રાબેતા મુજબ ચાલુ રાખશે. એટલીએ 'રાકા'ની જાહેરાત કરતી વખતે જ જણાવ્યું હતું કે તેમાં અલ્લુ અર્જુન સાથે દીપિકાનાં પણ એક્શન દ્રશ્યો હશે.

## સિંગર ભરતનાટ્યમ શીખી રહી હોવાનો વીડિયો વાયરલ થયો

# સિંગર રિહાન્નાએ ભરતનાટ્યમ નૃત્ય કરી પ્રશંસકોને ખુશ કરી દીધાં



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ગ્લોબલ આઈકોન રિહાન્ના ભારત આવેલી છે. સોશિયલ મીડિયા પર તેના વીડિયો વાયરલ થતા રહે છે. લોકો તે વીડિયોઓને જોઈને રિહાન્ના પર પ્રેમ વરસાવતા રહે છે. હવે એક નવો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં રિહાન્ના ભરતનાટયમ કરતી જોવા મળે છે.

એક ઈન્ફલુએન્સરે તાજેતરમાં એક રીલ શેર કરી હતી, જેમાં જોઈ શકાય છે કે તે રિહાન્નાને ભરતનાટ્યમ શીખવાડી રહી છે. ક્લિપ ક્રિએટર રિહાન્નાને કેટલીક મુદ્રા શીખવાડી રહી છે. તે સમજાવી રહી છે કે ભરતનાટયમનૃત્યમાં આંખોના માધ્યમથી અભિવ્યક્તિ કઇ રીતે આપવામાં આવે છે? વીડિયોમાં જોઈ શકાય છે કે રિહાન્ના ઉત્સાહપૂર્વક બધું શીખવા પ્રયાસ કરી રહી છે. તે ધ્યાનથી સ્ટેપ્સ ફોલો કરે છે અને આંખ દ્વારા અભિવ્યક્ત કરવા પણ પ્રયાસ કરે છે. પ્રશંસકોને આ વીડિયો જોઈને ખુબ મજા પડી ગઈ. વીડિયો જોઈને યૂઝર્સ વિવિધ પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યૂઝરે લખ્યું કે, 'તમિલ સંસ્કૃતિ માટે આટલું બધું કરવા બદલ આભાર.' એક યૂઝરે મજાકીયા અંદાજમાં લખ્યું કે, 'જીટીએ-૬ પહેલાં અમે રિહાનાને ભરતનાટયમ કરતા જોઈ લીધી.'

## એક્ટર હોવાના કારણે તમારે ઘણી જવાબદારી ઉઠાવવી પડે છે

# મનોજ બાજપાઈની ભુલથી અલ્લુ અર્જુનને મોટી શિખામણ મળી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સાઉથના સુપરસ્ટાર એક્ટર અલ્લુ અર્જુનના ચાહકો સમગ્ર દુનિયામાં પથરાયેલાં છે. રિજનલ સિનેમામાં શરૂઆત કર્યા બાદ આજે અલ્લુ એક લેજન્ડરી નેશનલ સ્ટાર બની ગયો છે. અલ્લુએ પોતાની એક્ટિંગ પર ખુબ જ મહેનત કરી છે. જો કે ઘણા ઓછા લોકો જાણે છે કે તેણે બોલીવૂડ એક્ટર્સના હૂનર અને તેમની ભુલોને ઓબ્ઝર્વ કરીને ઘણી બધી શીખામણ લીધી છે.



અલ્લુએ તાજેતરમાં એક એક્ટિંગ ક્લાસની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, તેમણે કેવી રીતે મનોજ બાજપાઈની એક ભુલમાંથી મોટી શિખામણ લીધી હતી. તેને આમાથી જે શીખવાનું મળ્યું હતું તે આજસુધી અલ્લુને કામ લાગી રહ્યું છે. અલ્લુ અર્જુને જણાવ્યું હતું કે, એક એક્ટર હોવાના કારણે તમારે એવી ચિજોની જવાબદારી ઉઠાવવી પડે છે કે જે અસલમાં તમારું કામ નથી. તેણે આ પ્રસંગ સંભળાવીને સમજાવી દીધું હતું કે શા માટે અલ્લુ આજે પણ પ્રોડ્યુસર્સનો પસંદગીનો એક્ટર છે.

અલ્લુએ જણાવ્યું હતું કે, એક ફિલ્મના શૂટિંગ દરમિયાન તેણે મનોજની એક એવી ભુલને નોટિસ કરી જેનાથી દરેક કલાકારે બચવું જોઈએ. તેણે જણાવ્યું કે, તે સમયે એક સેકંડની ફિલ્મ શૂટ કરવાના ૧૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થતો હતો. મનોજે ફક્ત ના બોલવાનું હતું પણ તેણે ધીમેધીમે માથું ઊંચું કરીને ના કહ્યું. ફક્ત માથું ઊંચું કરવામાં જ ૪૦,૦૦૦ ખર્ચી નાખ્યા. અલ્લુ આજે પણ ડાઈરેક્ટરના સમયની કદર કરે છે.

## જુનેદ સાથેની 'એકદિન'ની રિલીઝ પહેલાં થોડી નર્વસ જોવા મળી

# બોલીવુડ એન્ટ્રી પર સાઈ પલ્લવીએ તેની નબળી હિંદી માટે માફી માંગી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**



સાઈ પલ્લવી આમિર ખાનના પુત્ર જુનેદ ખાન સાથે ફિલ્મ "એક દિન'થી બોલીવુડ કારકિર્દી શરૂ કરવા જઈ રહી છે. ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં એક ઈવેન્ટનું આયોજન થયું હતું. તે ઈવેન્ટમાં આમિર ખાન સહિત ફિલ્મના કલાકારો પણ હાજર રહ્યા હતા. સાઈ પલ્લવી પણ ઈવેન્ટમાં પહોંચી હતી.

ઈવેન્ટમાં તેણે એક લાગણીસભર સ્પીચ આપી હતી. પોતાની નબળી હિંદી ભાષાને મુદ્દે માફી માંગતાં તેણે કહ્યું કે, તે ઉસ્તાહની સાથોસાથ થોડી નર્વસનેસ પણ અનુભવી રહી છે. કાર્યક્રમમાં સાઈ પલ્લવીને મંચ પર બે શબ્દો કહેવા બોલાવવામાં આવી હતી. હિંદી પર પોતાની મર્યાદિત પકડને મુદ્દે માફી માંગી હતી.

તેણે ઈવેન્ટમાં ભાગ લઈ રહેલા લોકોને કહ્યું કે, બોલતી વખતે તેની વ્યાકરણની ભૂલો થઈ શકે છે. પલ્લવીએ કહ્યું કે, કાર્યક્રમમાં મારે બોલવું પડશે તે જાણતી નહોતી. મને જાણ હોત તો હિંદીમાં થોડી તૈયારી કરી લેત. તો ભૂલો બદલ મને માફ કરવામાં આવે.

# વાપી આર.કે. દેસાઈ સ્કૂલનું પરિણામ જાહેર: તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

ગત તા.૨૫-૦૪-૨૦૨૬ ના રોજ આર.કે. દેસાઈ સ્કૂલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ નું વાર્ષિક પરિણામ ઉત્સાહભેર જાહેર કરવામાં આવ્યું હતું. સ્કૂલ હેડ શુભમ રાયના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૨૫ થી શરૂ થયેલ આર.કે. દેસાઈ સ્કૂલનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. જેમાં ધોરણ ૯ ના વર્ગમાં પ્રથમ ક્રમે અંજલી કે. દુબે, દ્વિતીય ક્રમે ધારા સી. પ્રજાપતિ, તૃતીય ક્રમે શ્રદ્ધા એન. ત્રિપાઠી આવ્યા હતા. તથા ધોરણ ૧૧ કોમર્સના વર્ગમાં પ્રથમ ક્રમે અનિકેત ઈંગોલે, દ્વિતીય ક્રમે કુલસુમ શેખ, તૃતીય ક્રમે પ્રિન્સ ચૌહાણ આવ્યા હતા. શાળાના આ તેજસ્વી તારલાઓએ પોતાની સફળતાનો શ્રેય શિક્ષકોના માર્ગદર્શન અને માતા પિતાની મહેનતને આપ્યો હતો. વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતાને સ્કૂલ-કોલેજના ચેરમેન મિલન દેસાઈએ બિરદાવી હતી. તથા તમામ વિદ્યાર્થીઓએ ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવી હતી. સ્કૂલ વાર્ષિક પરિણામ શુભેચ્છા કાર્યક્રમમાં કોલેજ કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ અને કોલેજ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપાલ હાજર રહી તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા તેમની શૈક્ષણિક કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

હાલ આર.કે. દેસાઈ સ્કૂલમાં ધોરણ ૯ અને ૧૧ કોમર્સ વિભાગ કાર્યરત છે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ થી આર.કે. દેસાઈ કોલેજ કેમ્પસમાં ધોરણ ૯ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ, ધોરણ ૧૦ અંગ્રેજી માધ્યમ, ધોરણ ૧૧ સાયન્સ અને કોમર્સ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ, ધોરણ ૧૨ કોમર્સ અંગ્રેજી માધ્યમના વર્ગો શરૂ થવા જઈ રહ્યા છે, જે નોંધનીય છે. સ્કૂલમાં એડમિશનની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે, જે અંગે વિદ્યાર્થી અને વાલીઓને પ્રવેશ પ્રક્રિયામાં જોડાવા અંગેની જાણ કરવામાં આવે છે.

# વાપી આર. કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ ટીવાય બીએસસીનું પરિણામ જાહેર




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

આર.કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ વાપી અંતર્ગત ટી.વાય.બી.એસસી કેમિસ્ટ્રી અને ટી.વાય.બી.એસસી માઈક્રોબાયોલોજી સેમેસ્ટર-૬ ના વિદ્યાર્થીઓ ૨૦૨૫-૨૬ માં વીએનએસજીયુ સુરત દ્વારા લેવાયેલ પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજના ટી.વાય.બી.એસસી (કેમિસ્ટ્રી) અને ટી.વાય.બી.એસસી (માઈક્રોબાયોલોજી) કોર્સમાં ટોપર બની કોલેજનું ગૌરવ વધાર્યું છે. ટી.વાય.બી.એસસી કેમિસ્ટ્રી વિષયમાં પ્રથમ ક્રમે ગૌતમ અંકિત (એસજીપીએ-૮.૭૩) તથા દ્વિતીય ક્રમે માહ્યાવંશી દૃષ્ટિ (એસજીપીએ-૮.૪૫) આવ્યા હતાં.

આ ઉપરાંત, ટી.વાય. બી.એસસી માઈક્રોબાયોલોજીમાં પ્રથમ ક્રમે ભંડારી દિયા (એસજીપીએ-૮.૫૫) તથા દ્વિતીય ક્રમે મિસ્ત્રી કશિશ (એસજીપીએ-૮.૦૯) અને ઈઝવા રેશમા (એસજીપીએ-૮.૦૯) આવ્યા હતાં.

આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ સંસ્થાના ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ અને ઈન્ચાર્જ આચાર્ય પ્રો.સુરભી ચૌધરી અને માઈક્રોબાયોલોજી અને કેમિસ્ટ્રીના હેડ ડો.પિંકલ પટેલ અને પ્રો.સુષ્મા ગવઈએ શુભેચ્છા પાઠવી હતી. તેમજ સર્વ પ્રાધ્યાપકોએ પણ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.

# ચીખલી તાલુકા પંચાયતની અનેક બેઠકો સાથે વંકાલ, રૂમલા અને ઘેજ બેઠક પર ભાજપને નોંધપાત્ર સરસાઈ મળી


-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૨૯**

જિલ્લા પંચાયતની ખૂંધ બેઠક પર ભાજપના શ્રીમતી રમીલાબેન નિલેશભાઈ પટેલનો ૩૬૦૮, કુકેરી બેઠક પર ડો. નેહા જયવર્દન પટેલનો ૪૩૨૮, સાદકપોર બેઠક પર શ્રી કૌશિકભાઈ પટેલનો ૪૬૨૪, વાંઝણા બેઠક પરના ત્રિપાંખીયા જંગમાં ભાજપના શ્રી નલિનભાઈ પટેલ ૩૬૭૪ જ્યારે માંડવખડક બેઠક પર પણ ત્રિપાખીયા જંગમાં બરાબર જામેલી હરીફાઈમાં ભાજપના શ્રીમતી ગીતાબેન ગાવિતનો માત્ર ૫૯૩ મતોની પાતળી સરસાઈથી વિજય થયો હતો. આ પૂર્વે ઘેજ બેઠક પરથી ડો.અમીતાબેન સમરોલી બેઠક પરથી શ્રીમતી વાસંતીબેન પટેલ અને રૂમલા બેઠક પરથી શ્રી કૌશિકભાઈ પટેલ બિનહરીફ થવા સાથે તમામ આઠ બેઠકો ભાજપ જાળવી રહેવામાં સફળ રહ્યું છે.

તાલુકા પંચાયતની વંકાલ બેઠક પર ભાજપના શ્રી ગૌતમભાઈ હળપતિ સૌથી વધુ ૪૧૯૩, રૂમલા બેઠકના શ્રીમતી ડિમ્પલબેન પઢેર ૩૩૧૮, ઘેજ બેઠક પર દીપ્તિબેન અંકુરભાઈ પટેલનો ૧૯૦૪ જેટલા મતોની ભવ્ય સરસાઈથી વિજય થયો હતો. આ ઉપરાંત ભાજપમાં બામણવેલ બેઠક પરથી શ્રીમતી પન્નાબેન પટેલનો ૭૫૯, ખૂંધમાં જસ્મિન રાઠોડનો ૧૫૩૭, સાદડવેલમાં શ્રીમતી પાર્વતીબેન પટેલનો ૮૦૨, કાંગવઈમાં શ્રીમતી રશ્મિબેન પ્રકાશભાઈનો ૨૨૦, કુકેરીમાં પિંકલકુમારીનો ૧૧૬૮, રાનકુવામાં શ્રીમતી ચેતનાબેન પટેલનો ૮૦૯, રાનવેરી કલ્લામાં ભાવનાબેનનો ૭૯૭, ઢોલુમ્બરમાં હિરલકુમારનો ૩૫૭, ફડવેલમાં શ્રી હિરેન આહિરનો ૬૬૨, ગોડથલમાં શ્રી મેહુલ આહીરનો ૭૭૩, સિયાદામાં શ્રી જયદીપ પટેલનો ૧૩૫૯, આમધરામાં શ્રીમતી રૂપલબેન પટેલનો ૫૬૯, સાદકપોરમાં શ્રીમતી અનુમતિબેન પટેલ ૧૪૧૪, આલીપોરમાં શ્રી આકાશ પટેલનો ૩૦૮, ચાસામાં શ્રીમતી દક્ષાબેન પટેલનો ૩૨૫, દેગામમાં શ્રી નૈલેશકુમારનો ૧૩૭૬ જ્યારે નોગામામાં શ્રીમતી રશ્મિકાબેનનો ૧૫૪૫ મતોની સરસાઈ વિજય થયો હતો. ભાજપના ઉપરોક્ત ૨૩ જેટલા વિજેતા ઉમેદવારો પૈકી અગિયાર જેટલા તો ત્રણ આંકડાની સરસાઈથી જ વિજય થયો છે. ચાસા બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે કાંટે કી ટક્કર વચ્ચે માત્ર ૩૨૫ મતોની પાતળી સરસાઈથી ભાજપના ઉમેદવારો વિજય થયો હતો. આ ઉપરાંત આલીપોર, કાંગવઈ અને ઢોલુમ્બર બેઠક પર ૫૨(બાવન) ટકા ભાજપના ઉમેદવારોની સરસાઈ પાતળી રહી હતી.

જ્યારે તાલુકા પંચાયતની માંડવખડક બેઠક પર કોંગ્રેસના શ્રીમતી ગીતાબેન પટેલનો માત્ર ૧૩૮ મતોની ઉપરાંત વાંઝણા બેઠક પર ૮૮૭ તથા સારવણી બેઠક પર ૬૫૧ મતોની સરસાઈ વિજય થવા સાથે ગતટર્મની જેમ આ ચૂંટણીમાં પણ કોંગ્રેસે ત્રણ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો.

ઉપરોક્ત પૈકી તાલુકા પંચાયતની વાંઝણા બેઠક કે જે સામાન્ય હતી. જેમાં ભાજપે એસટી સમાજના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા હતા.જેમાં કોંગ્રેસના પાટીદાર સમાજના શ્રી આનંદભાઈ પટેલનો વિજય થયો હતો.

## જિલ્લામાં કોંગ્રેસમાં મોટા ફેરફાર થવાની ચર્ચા

ચીખલી તાલુકામાં કોંગ્રેસની હાર બાદ નેતૃત્વ પરિવર્તન સાથે સંગઠનમાં ધરખમ ફેરફાર થવાના એંધાણ વર્તાય રહ્યા છે.ગણદેવી ઉપરાંત વાંસદા વિધાનસભા મતવિસ્તારમાં પણ કોંગ્રેસનો દેખાવ નબળો રહ્યો છે. ચૂંટણીની શરૂઆતમાં જ મતદાન પૂર્વે જિલ્લા પંચાયતની ત્રણ અને તાલુકા પંચાયતની પાંચ બેઠકો ભાજપ બિનહરીફ કરવામાં સફળ રહેતા કોંગ્રેસની નેતાગીરી સામે સવાલો ઉભા થવા પામ્યા હતા.

જિલ્લા પંચાયતની ઘેજ બેઠક પર તો કોંગ્રેસ ઉમેદવારી જ ન કરાવી શક્યું હતુ. આ બેઠક પર માત્ર ભાજપના એક જ ઉમેદવારનું ઉમેદવારી પત્રક ભરાયું હતું. જોકે, તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસના નબળા દેખાવ માટે કોંગ્રેસમાં આંતરિક વિખવાદ જવાબદાર છે કે અન્ય કારણો છે તે માટે કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા વિશ્લેષણ કરવામાં આવશે તેમ લાગી રહ્યું છે.

## હાઈકોર્ટમાં અરજી દાખલ કરવાની હિલચાલ

ચીખલીની નવી પ્રાથમિક શાળામાં જિલ્લા પંચાયતની વાંઝણા બેઠકની મતગણતરી દરમિયાન ઈવીએમના સીલ તૂટેલા હોવાની કોંગ્રેસના ઉમેદવારની રજુઆતમાં ઈવીએમ સીલ કરવા માટે તારની જોગવાઈ ન હોવાનું અને પેપરસીલની જોગવાઈ હોય પેપરસીલથી સીલ કરેલ હોવાનું ચૂંટણી અધિકારી દ્વારા લેખિત જવાબમાં જણાવાયું છે.

# પશ્ચિમ બંગાળમાં મતદાનનો બીજો તબક્કોઃ ૫ વાગ્યા સુધી ૮૮.૯૯% મતદાન




(સંપૂર્ણ સમાચાર સેવા)
**કોલકાતા, તા.૨૯**

પશ્ચિમ બંગાળમાં આજે મતદાનના બીજા તબક્કામાં સાંજે ૫ વાગ્યા સુધી ૮૮.૯૯ ટકા મતદાન નોંધાયું હતું. જિલ્લાઓની વાત કરીએ તો હુગલીમાં ૯૦.૩૪%, હાવડામાં ૮૯.૪૪%, કોલકાતા નોર્થમાં ૮૭.૭૭% અને કોલકાતા સાઉથમાં ૮૬.૧૧% મતદાન થયું હતું. જ્યારે નાદિયામાં ૯૦.૨૮%, નોર્થ ૨૪ પરગણામાં ૮૯.૭૪%, પૂર્વ બર્ધમાનમાં સૌથી વધુ ૯૨.૪૬% અને સાઉથ ૨૪ પરગણામાં ૮૯.૫૭% વોટિંગ નોંધાયું હતું. મુખ્યમંત્રી મમતા બેનર્જીની બેઠક ભવાનીપુરમાં ૮૫.૫૧% મતદાન થયું હતું. મહત્ત્વનું છે કે પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કામાં ૯૨.૭૨ ટકા મતદાન થયું હતું.

આ તબક્કામાં રાજયના અનેક મોટા ચહેરાઓનું ભવિષ્ય ઈવીએમમાં કેદ થઈ ગયું છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી તેમના પરંપરાગત મતક્ષેત્ર ભબાનીપુરથી ચૂંટણી લડી રહ્યા છે, જ્યાં તેમની સામે વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારી મેદાનમાં છે. આ સિવાય રાજ્ય મંત્રી સુજીત બોસ (બિધાનનગર), ફિરહાદ હકીમ (કોલકાતા પોર્ટ), બ્રાત્ય બસુ (દમ દમ) અને ભાજપના અર્જુન સિંહ (નોઆપાડા) તથા સ્વપન દાસગુપ્તા (રાશબિહારી) જેવા દિગ્ગજોની પ્રતિષ્ઠા દાવ પર છે. ડાબેરી પક્ષો તરફથી મીનાક્ષી મુખર્જી અને આઈએસએફના નૌશાદ સિદ્દીકી પણ આ જંગમાં હતા.


ચૂંટણી પંચે શાંતિપૂર્ણ મતદાન માટે લોખંડી સુરક્ષા વ્યવસ્થા કરી હતી. કેન્દ્રીય સુરક્ષા દળોની ૨,૩૨૧ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે, જેમાંથી સૌથી વધુ ૨૭૩ કંપનીઓ માત્ર કોલકાતામાં છે. કુલ ૪૧,૦૦૧ મતદાન કેન્દ્રો પર વેબકાસ્ટિંગ દ્વારા સીધું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ડ્રોન કેમેરાથી પણ સંવેદનશીલ વિસ્તારો પર નજર રાખવામાં આવી હતી. તૃણમૂલ કોંગ્રેસ માટે ભવાનીપુર બેઠક જાળવી રાખવી એ મમતા બેનર્જીના રાજકીય પ્રભાવ અને પ્રતિષ્ઠાને જાળવી રાખવાનો વિષય છે. ભાજપ માટે આ ગઢને તોડી પાડવાનો અર્થ બંગાળના સૌથી શક્તિશાળી નેતા "અજેય" હોવાની દંતકથાને તોડી નાખવાનો થશે. કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના આઠ વોર્ડમાં ફેલાયેલા ભવાનીપુર મતવિસ્તારને ઘણીવાર મીની ભારત તરીકે ઓળખવામાં આવે છે, જ્યાં બંગાળીઓ, ગુજરાતીઓ, મારવાડીઓ, જૈનો, શીખો, મુસ્લિમો અને બિહાર અને ઝારખંડના સ્થળાંતરિત સમુદાયોની વિવિધ વસ્તી રહે છે.

બંગાળ ચૂંટણીના બીજા તબક્કામાં ૩૨.૧ મિલિયન મતદારો છે હતા. આમાં ૧૬.૪૩ મિલિયન પુરુષો, ૧૫.૭૩ મિલિયન મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ તબક્કામાં ૪૧,૦૦૧ મતદાન મથકો પર મતદાન થયું હતું. કેન્દ્રીય દળોની ૨૩૨૧ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. આ તબક્કામાં ચૂંટણી લડી રહેલા મતવિસ્તારોમાં ભાંગડમાં સૌથી વધુ ૧૯ ઉમેદવારો છે, જ્યારે ગોઘાટમાં સૌથી ઓછા પાંચ ઉમેદવારો છે. આ તબક્કામાં મુખ્ય ઉમેદવારોમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીનો સમાવેશ થાય છે, જે ભવાનીપુરથી ફરીથી ચૂંટણી લડી રહ્યા છે. આ તબક્કાની સૌથી હાઇ-પ્રોફાઇલ સ્પર્ધાઓમાંની એકમાં તેમનો સામનો ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારી સામે છે.

<u>**SP રાજદીપ ઝાલાની પણ મુશ્કેલી વધી**</u>

# લોકગાયક કિર્તીદાન ગઢવીને ગુજરાત હાઈકોર્ટે ફટકારી નોટિસ

**અમદાવાદના એક ઈવેન્ટ ઓર્ગેનાઈઝરને ગેરકાયદેસર રીતે ગોંધી રાખી ઢોર માર મારવાના ગંભીર આરોપ**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૨૯**

ગુજરાતના પ્રખ્યાત લોકગાયક કિર્તીદાન ગઢવી અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ કાયદાકીય ગૂંચમાં ફસાયા છે. અમદાવાદના એક ઈવેન્ટ ઓર્ગેનાઇઝરને ગેરકાયદેસર રીતે ગોંધી રાખી ઢોર માર મારવાના ગંભીર આરોપ સાથે થયેલી અરજી પર સુનાવણી કરતા ગુજરાત હાઇકોર્ટે કિર્તીદાન ગઢવી સહિત CID ક્રાઇમ સાઈબર સેલના અધિકારીઓને નોટિસ ફટકારી છે. અમદાવાદના ખોડિયારનગર વિસ્તારમાં રહેતા ઈવેન્ટ ઓર્ગેનાઇઝર જયેશ પરમારે હાઈકોર્ટમાં અરજી કરી હતી, જેમાં તેમનો દાવો છે કે વર્ષ ૨૦૨૫ની નવરાત્રિ ઈવેન્ટના આયોજન માટે જયેશ પરમાર અને કિર્તીદાન ગઢવી વચ્ચે ભાગીદારી થઈ હતી. જો કે હિસાબ-કિતાબ અને નાણાકીય લેવડદેવડમાં વિવાદ સર્જાયો હતો. આક્ષેપ છે કે ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કોઈપણ પ્રકારના વોરંટ કે નોટિસ વગર સાયબર સેલ ગાંધીનગરના અધિકારીઓએ જયેશ પરમારને સિવિલ ડ્રેસમાં અટકાયત કરી હતી અને સવારના ૧૦થી મોડી રાતના ૨ વાગ્યા સુધી ગોંધી રાખ્યા હતા.

અરજદારનો દાવો છે કે કિર્તીદાન ગઢવી અને તેમના ભાગીદારોના કહેવાથી પોલીસ અધિકારીઓએ તેમને કસ્ટડીમાં ઢોર માર માર્યો હતો. આ અંગેના પુરાવા તરીકે મેડિકલ સર્ટિફિકેટ પણ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે. જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસ અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

અરજદાર જયેશ પરમારે પોતાની અરજીમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે આ સમગ્ર ઘટના પાછળ કિર્તીદાન ગઢવી મુખ્ય સૂત્રધાર છે. સિવિલ વિવાદ હોવા છતાં કાયદો હાથમાં લઈને પોલીસ સાથે સાંઠગાંઠ કરીને તેમને હેરાન કરવામાં આવ્યા હતા. વધુમાં આક્ષેપ છે કે નવરાત્રિ દરમિયાન પોલીસ અધિકારીઓ માટે ૮,૦૦૦થી વધુ ટિકિટો મફત આપવામાં આવી હતી, જેના બદલામાં તેમજ રાજકીય વગના કારણે પોલીસે કિર્તીદાનના કહેવાથી આ કાર્યવાહી કરી હોવાની શક્યતા છે.

આ મામલે હાઈકોર્ટે ગંભીર નોંધ લેતા કિર્તીદાન ગઢવી, SP રાજદીપસિંહ ઝાલા, સાયબર સેલના PI બી.એમ. ચૌધરી અને PSI પરમારને ખુલાસો કરવા નોટિસ જાહેર કરી છે. કોર્ટે ૨૦ અને ૨૧ ફેબ્રુઆરીના પોલીસ સ્ટેશનના તમામ CCTV ફૂટેજ સુરક્ષિત રાખવા હુકમ કર્યો છે, જેથી સત્ય શું છે તે બહાર આવી શકે. આ કેસ હાલમાં કોર્ટના આધીન છે અને બંને પક્ષોના પુરાવાઓ તપાસ્યા બાદ જ અંતિમ ચુકાદો આવશે. કિર્તીદાન ગઢવી જેવા જાણીતા કલાકારનું નામ આ વિવાદમાં ઉછળતા મનોરંજન જગતમાં ભારે ચર્ચાઓ જાગી છે.

# સુરતના પાંડેસરામાં ઝૂપડાઓમાં ભીષણ આગથી અફરાતફરી



(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૨૯**

સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલી એક ઝૂપડપટ્ટીમાં આજે બપોરે આગ લાગવાની ઘટના બની હતી. પાંડેસરાના તૃપ્તિ નગર પાસે કચરો સળગાવતી વખતે લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આસપાસના શ્રમિકોના ઝૂપડાઓ તેની ઝપેટમાં આવી ગયા હતા.

ઘટનાની મળતી માહિતી અનુસાર, તૃપ્તિ નગર પાસે ખુલ્લામાં કચરો સળગાવવામાં આવી રહ્યો હતો, ત્યારે પવનની લહેરખીના કારણે આગની તણખલી નજીકના ઝૂપડા પર પડી હતી. આગ એટલી ઝડપથી પ્રસરી કે શ્રમિકોને પોતાનો સામાન બચાવવાનો પણ સમય મળ્યો ન હતો. આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા ઉડતા જોઈ આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ પાંડેસરા અને નજીકના ફાયર સ્ટેશનોનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ ગરીબ શ્રમિકોની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

**UTDD01-000111-2023** | **PUTDD010001112023_1**
**N/160/2026**

*Appendix H, No. 4*

<u>**DISTRICT AND SESSIONS COURT**</u>

IN THE COURT OF **Rajesh Surajprasad Tiwari**
**Principal District and Sessions Judge, Daman, Daman.**

**NOTICE TO SHOW CAUSE.**
(GENERAL FORM)
**DC-CIVIL M.A./8/2023**
Hemant Premabhai Tandel Vs Shri Arvind Lacma and ors
**NEXT DATE: 06-05-2026**

To,

**1. Rajeshbhai Thakorbhai Tandel**
**Chappli Sheri, Nani Daman, DAMAN, The Dadra And Nagar Haveli And Daman And Diu.**

**2. Hasumati Premabhai Tandel**
**Chappli Sheri, Nani Daman, The Dadra And Nagar Haveli And Daman And Diu, DAMAN**

Whereas in the above-named has made application to this Court that

You are hereby warned to appear in this Court in person or by a pleader duly instructed on the **06-05-2026** at **11:00 O'clock in the forenoon**, to show cause against the application, failing wherein, the said application will be heard and determined ex parte *ex parte.*

<u>**ACKNOWLEDGMENT**</u>

The undersigned acknowledge receipt of this proces in the above mentioned case **DC-CIVIL M.A./8/2023.**

| S.N. Name and Address of the party | Service Date | Personal or through | Signature or T.I. |
|---|---|---|---|
| **1. Rajeshbhai Thakorbhai Tandel, Chappli Sheri, Nani Daman, The Dadra And Nagar Haveli And Daman And Diu, DAMAN (PUTDD010001112023_1_1)** | | | |
| **2. Hasumati Premabhai Tandel, Chappli Sheri, Nani Daman, The Dadra And Nagar Haveli And Daman And Diu, DAMAN (PUTDD010001112023_1_2)** | | | |

Given under my hand and the seal of the Court, this **15-04-2026**

Court Seal

**Principal District and Sessions Judge**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી ચાર રસ્તા હાઈવે પુલ ઉપર ટેમ્પો, ટેન્કર વચ્ચે ભીષણ અકસ્માત: ગેસ ભરેલ ટેન્કર આગ જ્વાળાઓ સાથે લટક્યું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

વાપી હાઈવે ઉપર આજે બુધવારે બપોરે ભિષણ અકસ્માત સર્જાયો હતો. ગેસ ભરીને જઈ રહેલ હેવી ટેન્કરની સાથે ટેમ્પો ભટકાતા ગેસ ભરેલો હોવાથી ટેન્કરમાં ભયાનક આગ લાગી. આગની લપેટોમાં ટેન્કર પુલની પાળી ઉપરથી લટકી પડ્યું હતું. તેથી મોટી હોનારત થતા થતા અટકી ગઈ હતી.

મુંબઈ તરફથી પ્રોપીલીન નામનો ગેસ ભરીને ટેન્કર વાપી હાઈવે ચાર રસ્તા ઓવરબ્રિજ

**ચારે તરફ ભયનો મંજર છવાઈ ગયો, કલાકો સુધી હાઈવે જામ, પોલીસ અને ફાયર બ્રિગેડે રોડ બ્લોક કરી દીધો**

ઉપરથી પસાર થતુ હતુ તે દરમિયાન પુરઝડપે પાછળથી આવી રહેલ ટેમ્પો ધડાકાભેર ભટકાતા ભયંકર અકસ્માત સર્જાયો હતો. ટક્કરથી ગેસ ભરેલ ટેન્કર પુલની પાળી કુદીને લટકી ગયું હતું. પરંતુ અકસ્માતને લઈ ટેન્કરમાં ભરેલા ગેસથી ભિષણ આગ લાગી હતી. આગની જ્વાળાઓ પુલ ઉપર લટકતા ટેન્કરનું દૃશ્ય જોઈ લોકો પણ ગભરાઈ ગયા હતા. ટેન્કર સદનસીબે લટકી રહ્યું નહીતર સર્વિસ રોડ ઉપર ચાલતા વાહનોનો ફુડદો બોલી જાત અને અન્ય અકસ્માત સર્જાત. પોલીસ ફાયર બ્રિગેડે હાઈવેને બ્લોક કરી દીધો હતો. તેથી ટ્રાફિક જામ કલાકો સુધી રહ્યો હતો. જો કે અકસ્માતમાં કોઈ જાનહાનીના હાલ તો અહેવાલ નથી.

# વલસાડમાં ધોળા દિવસે વૃધ્ધા અને કામવાળીને બંધક બનાવી રૂા.૩.૮૬ લાખની ખોફનાક લૂંટ કરી ત્રણ લૂંટારૂઓ ફરાર

**વલસાડના શાક માર્કેટ સ્થિત વિશાલ કોમ્પ્લેક્ષમાં ઘટના ઘટી, ધારદાર હથિયારો બતાવી તિજોરીની ચાવી પડાવી લૂંટનો અંજામ અપાયો, લૂંટારૂઓ સીસીટીવીમાં કેદ**






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

વલસાડ શહેરની મધ્યે શાકભાજી માર્કેટ વિસ્તારમાં આવેલ વિશાલ કોમ્પ્લેક્ષમાં આજે બુધવારે ૧૨ વાગ્યાના સુમારે ખોફનાક લૂંટની ઘટના ઘટી હતી. ફલેટમાં ઘૂસેલા ત્રણ યુવાન લૂંટારૂએ વૃધ્ધા અને કામવાળીને ચાકુ-છરી જેવા ધારદાર હથિયારોથી ડરાવી બંધક બનાવ્યા અને તેમની પાસેથી ડરાવીને કબાટ, તિજોરીની ચાવી પડાવી લીધી હતી. રોકડા, રૂપિયા, સોના-ચાંદીના ઘરેણા, ભગવાનની મૂર્તિઓ મળી કુલ રૂા.૩.૮૬ લાખ મત્તાની ચોરી કરી લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ બાદ શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. લૂંટારૂઓ સીસીટીવીમાં સ્ટેશન ઉપર કેદ થયા હતા.

વલસાડ શહેર શાકભાજી વિસ્તારમાં આવેલ વિશાલ કોમ્પ્લેક્ષ સ્થિત ફલેટ નં.૧૦૨માં રંજનબેન રાજેન્દ્રભાઈ પાટીલ નામના વૃધ્ધા અને કામવાળી મિતાબેન ફલેટમાં બપોરે એકલા હતા તે દરમિયાન ત્રણ ગુજરાતી, હિન્દી બોલતા લૂંટારૂ યુવાન ફલેટમાં પ્રવેશી દરવાજો બંધ કરી દીધો હતો. છરી, ચાકુ જેવા હથિયાર બતાવી રંજનબેન અને કામવાળી બેનને બાંધીને બંધક બનાવી દીધા. ડરાવી ધમકાવી તિજોરી કબાટની ચાવીઓ લઈ લીધી. કબાટ તિજોરી ખોલીને અંદર રહેલા રૂા.૬૦ હજાર રોકડા, સોના ચાંદીના ઘરેણા, ભગવાનની ચાંદીની મૂર્તિઓ મળી કુલ રૂા.૩.૮૦ લાખની મત્તા ચોરી લૂંટારુ ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ રંજનબેને સબંધીને ફોનથી જાણ કરી સબંધીએ પોલીસને જાણ કરી હતી. ઘટના સ્થળે પહોંચી પોલીસે સીસીટીવી ફૂટેજ અને લૂંટારૂઓની પ્રાથમિક ઓળખ રંજનબેનને પૂછી માહિતી મેળવી વધુ આગળની તપાસ પોલીસે હાથ ધરી હતી. લૂંટ અંગે પડોશીઓ સુધ્ધાને પણ જાણ થવા દીધી નહોતી.

# આજે વાપી નામધા રોફેલ કોલેજ ગ્રાઉન્ડમાં ભવ્ય ‘નમોત્સવ’ મલ્ટીમીડિયા અને ડ્રોન શો યોજાશે




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૯:** વાપીના આંગણે આગામી ૩૦ એપ્રિલ ૨૦૨૬ ના રોજ એક ઐતિહાસિક સાંસ્કૃતિક કાર્યક્રમ ‘નમોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું છે. નામધા રોડ પર આવેલી રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સાંજે ૦૭:૦૦ વાગ્યાથી આ ભવ્ય મલ્ટીમીડિયા શો શરૂ થશે. વડાપ્રધાનના જીવન પ્રવાસ પર આધારિત આ ભારતનો પ્રથમ મલ્ટીમીડિયા શો હશે, જે ટેક્નોલોજી અને સંસ્કૃતિના અનોખા સંગમ દ્વારા લોકો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં આકર્ષક ડ્રોન શોનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે, જે વાપીના આકાશમાં અદભૂત નજારો સર્જશે.

આ કાર્યક્રમમાં તમામ જનતા માટે પ્રવેશ તદ્દન મફત રાખવામાં આવ્યો છે, જેથી વધુમાં વધુ લોકો આ ગૌરવપૂર્ણ ક્ષણના સાક્ષી બની શકે. આધુનિક લાઈટિંગ, સાઉન્ડ અને ડ્રોન ટેક્નોલોજીના માધ્યમથી વડાપ્રધાનના પ્રેરણાદાયી જીવનના વિવિધ પાસાઓને આ શોમાં આવરી લેવામાં આવશે.

# વલસાડ રેલવે લોકોશેડના કર્મચારીને ખોટાકેસમાં ફસાવવા માટે કરંટની તાલીબાની સજા: કર્મચારીનો આરોપ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

વલસાડ રેલવે ઈલેક્ટ્રીક લોકો શેડમાં ફરજ બજાવતા કર્મચારીને ખોટા કેસમાં ગુનો કબુલવા માટે આર.પી.એફ દ્વારા કરંટની તાલીબાની સજા કરી હોવાનો આરોપ સિવિલ સારવાર દરમિયાન કરતા ગંભીર મામલાની ઘટના બહાર આવી છે.

વલસાડ રેલવે ઈલેટ્રીક લોકોશેડમાં ફરજ બજાવી રહેલા કર્મચારી કૃણાલ રાજુભાઈ પટેલ હાલ સિવિલ વલસાડમાં સારવાર હેઠળ છે. કૃણાલે બતાવ્યા મુજબ તેને એક ખોટા કેસમાં ફસાવવા માટે કરંટ આપવામાં આવ્યો હતો. તેણે વધુમાં જણાવ્યું હતું કે તેને

**કર્મચારી કૃણાલ રાજુભાઈ પટેલ સાથે આરપીએફ દ્વારા ટોર્ચર : અગાઉ પણ કરંટ આપ્યો હોવાનું કર્મચારીએ સારવારમાં જણાવાયું**

આર.પી.એફ.માં ઈન્કવાયરી માટે બોલાવ્યો હતો. તે દરમિયાન કરંટ આપ્યો હોવાનું ભોગ બનનાર જણાવી રહ્યો છે. આ બાબતે પોલીસ ફરીયાદ થતી પણ અટકાવાઈ રહી છે.

કર્મચારીના જણાવ્યા મુજબ અજય પવાર નામનો વ્યક્તિ હતો અગાઉ પણ આ કર્મચારીને કરંટ આપવાની તાલીબાની સજા કરાઈ હતી. મામલાની સંવેદનશીલતા અને ગંભીરતા જોતા જણાય છે કે તળીયા ઝાટક તપાસ થવી જોઈએ તેમજ કર્મચારીએ ન્યાયની આજીજી પણ કરી છે.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

# સ્વપ્ન એ નથી જે તમે ઊંઘમાં જુઓ, સ્વપ્ન એ છે જે તમને ઊંઘવા દેતા નથી : ડૉ. અબ્દુલ કલામ

**એકવાર એક પ્રોજેક્ટમાં કલામ એટલા તલ્લીન થઈ ગયા હતા કે રામેશ્વરમાં તેમની ભત્રીજી ઝમીલાનાં લગ્ન હતાં તે પણ ભૂલી ગયા! ઝમીલા કલામ માટે દીકરી સમાન હતી, જ્યારે યાદ આવ્યું ત્યારે સમય ઓછો બચ્યો હતો, લગ્ન પ્રસંગે તેમની હાજરી લગભગ અશક્ય બની ગઈ, તેમને ખૂબ દુઃખ થયું, કહેવાય છે કે તેમની સમસ્યાની જાણ થતાં જ તત્કાલીન ડિફેન્સ મિનિસ્ટર વેંકટરામે તેમને દિલ્હીથી લગ્નસ્થળે જવા ખાસ એરફોર્સના હેલિકોપ્ટરની વ્યવસ્થા કરી આપી!**



દિલ્હીના વિજ્ઞાન ભવનની એ સાંજ...

૧૬ જુલાઈ, ૨૦૦૭ના રોજ જ્યારે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને ‘રામનાથ ગોએન્કા લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ’થી સન્માનવામાં આવ્યા, ત્યારે આખો હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો. આ સન્માન માત્ર એક વૈજ્ઞાનિકનું નહીં, પણ એક એવા માનવીનું હતું જેણે કરોડો યુવાનોને સ્વપ્ન જોતા અને તેને પૂરા કરતા શીખવ્યું હતું.

આ પ્રસંગે તેમને મિસાઈલ અને વિમાન પ્રત્યેનો તેમનો રસ કેવી રીતે જાગ્યો તેની રસપ્રદ ઘટના વર્ણવી.

૧૯૪૪માં, જ્યારે બીજું વિશ્વ યુદ્ધ ચરમ સીમાએ પહોંચ્યું હતું. સમગ્ર યુરોપનું આકાશ લડાકુ વિમાનોના બોમ્બમારાથી ધણધણતું હતું ત્યારની આ વાત છે.

ત્યારે કલામની ઉંમર માત્ર તેર વર્ષની હતી. તેમના મોટાભાઈ ‘સ્વદેશમિત્ર’ અને ‘દિનમણિ’ જેવા અખબારોનો સબ-એજન્ટ હતા. એક વખત તેમને કોઈ કામ પ્રસંગે શ્રીલંકા જવાનું થયું. તેથી આખા રામેશ્વરમાં અખબારો વહેંચવાની જવાબદારી તેમણે સ્વીકારી.

તે સમય યુદ્ધનો હોવાથી અખબારોમાં ‘સ્પિટફાયર ફાઈટર’ (બ્રિટિશ લડાકૂ વિમાન) અને જર્મન વિમાનો વિશે ઘણી માહિતી આવતી. યુદ્ધના સમાચારો ઉપરાંત વિવિધ પ્રકારના બોમ્બ અને મિસાઈલોના વર્ણનોથી અખબારો ભરપૂર રહેતા.

કલામ દરરોજ ખૂબ રસપૂર્વક આ બધું વાંચતાં. સમય જતાં તેમના મનમાં વિમાનશાસ્ત્રના અભ્યાસની ઉત્કંઠા વધતી ગઈ.

આ એક નાના સંકલ્પનું બીજ ભવિષ્યનું વિશાળ વટવૃક્ષ બનવાનું હતું. નાની ઉંમરે જાગેલી ઉત્કંઠા અને એકાગ્રતા કલામને જીવનની મહાન દિશા તરફ દોરી ગઈ.

તેમના શાળાના શિક્ષકો ઘણીવાર કહેતાં કે, “કલામ તેમના અભ્યાસમાં એટલાં બધાં ઓતપ્રોત થઈ જતાં કે આસપાસ શું ચાલી રહ્યું છે તેની તેમને ખબર પણ ન પડતી.”

આર્થિક સ્થિતિ જેવાં પરિબળો

**સિક્કાની ત્રીજી બાજુ**



**- સ્વામી ચિન્મયદાસ**

વચ્ચે પણ તેમનો પ્રગતિનો રથ એક પછી એક સફળતાની સીમાઓ પાર કરતો રહ્યો. હતાશાના અંધકારમાં તેમને ઋષિકેશના સ્વામી શિવાનંદની પ્રેરણાના પ્રકાશપુંજનો સહિયારો મળ્યો.

એકાગ્રતા (concentration) તેમના વ્યક્તિત્વનો સૌથી પ્રભાવશાળી ગુણ હતો. એકાગ્રતા એટલે પોતાના કાર્યમાં સર્વસ્વ અર્પણ કરવાની ભાવના.

જ્યારે તેઓ ઈસરો (Indian Space Research Organisation) અને પછી ડીઆરડીઓમાં (Defence Research and Development Organisation) કામ કરતા, ત્યારે કલાકો સુધી એક જ પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત રાખતા. તેઓ તેમને સોંપેલા કાર્યો ખૂબ ચીવટપૂર્વક કરતાં. તેમના દિવસ-રાતનો પરિશ્રમ જોતાં સહકર્મીઓ આશ્ચર્યચકિત થઈ જતાં.

પ્રત્યેક સૂર્યોદય તેમના જીવનમાં નવી ઊર્જા પેદા કરતો. નિષ્ફળતાનો નાગ તેમને કદી ડંસી શક્યો નોહતો.

એકવાર એક પ્રોજેક્ટમાં કલામ એટલા તલ્લીન થઈ ગયા હતા કે રામેશ્વરમાં તેમની ભત્રીજી ઝમીલાનાં લગ્ન હતાં તે પણ ભૂલી ગયા! ઝમીલા કલામ માટે દીકરી સમાન હતી. જ્યારે યાદ આવ્યું ત્યારે સમય ઓછો બચ્યો હતો. લગ્ન પ્રસંગે તેમની હાજરી લગભગ અશક્ય બની ગઈ. તેમને ખૂબ દુઃખ થયું.

કહેવાય છે કે તેમની સમસ્યાની જાણ થતાં જ તત્કાલીન ડિફેન્સ મિનિસ્ટર વેંકટરામે તેમને દિલ્હીથી લગ્નસ્થળે જવા ખાસ એરફોર્સના હેલિકોપ્ટરની વ્યવસ્થા કરી આપી!

આ તેમની એકાગ્રતાનો અદ્ભૂત પ્રસંગ હતો.

તેઓ માનતાં “Great dreams require intense focus.”

મહાન સપનાઓ માટે તીવ્ર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર પડે છે.

કલામની એકાગ્રતા માત્ર ભણવામાં નહીં, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં દેખાતી હતી – સમયનો સદુપયોગ, લક્ષ્ય પ્રત્યે નિષ્ઠા અને સતત મહેનત એ તેનું રહસ્ય હતું. તેમની સાચી મહાનતા તેમના પદમાં નહોતી– પણ તેમના સ્વભાવમાં હતી.

ભારતના રાષ્ટ્રપતિ તરીકે પણ તેમની સાદગી અખંડ રહી. તેઓ વૈભવથી દૂર અને મૂલ્યો સાથે જોડાયેલા રહ્યા. તેઓ ગીતાના અભ્યાસી હતા.

તેમણે મનોમન પ્રમુખ સ્વામી મહારાજને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. તેમના પ્રત્યેની ભાવના રૂપે Transcendence: My Spiritual Experiences with Pramukh Swamiji પુસ્તક લખીને કૃતાર્થતા અનુભવી.

તેઓ યુવાવર્ગને દેશના ભવિષ્ય તરીકે જોતા. તેમણે પોતાના જીવનની અંતિમ ક્ષણ પણ વિદ્યાર્થીઓ વચ્ચે જ વિતાવી. શિલોંગમાં એક ભાષણ આપતા આપતા તેમણે અંતિમ શ્વાસ લીધેલો. શિક્ષણ અને પ્રેરણા તેમની જીવનયાત્રાનો અંતિમ શ્વાસ સુધી ભાગ રહી.

ડૉ. કલામ માત્ર “મિસાઈલ મેન” નહોતા – તેઓ એક જીવંત વિચારધારા હતા.

તેમનું જીવન આપણને શીખવે છે કે સપનાઓ માત્ર જોવા પૂરતા નથી – તેને સાકાર કરવા માટે એકાગ્રતા, મહેનત અને અડગ નિષ્ઠા જરૂરી છે.

આજે દરેક યુવાન માટે એક જ સંદેશ – “તીવ્ર એકાગ્રતા એ જ તે શક્તિ છે, જે સામાન્ય માણસને અસામાન્ય બનાવી શકે છે.”

# વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સૂનની તૈયારી અંગે બેઠક મળી

**તમામ વિભાગના અધિકારીઓને પોતાની જવાબદારી સુપેરે નિભાવવા માટે કલેક્ટરે આપેલું માર્ગદર્શન**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

આગામી દિવસોમાં ચોમાસાની મોસમ નજીક આવી રહી હોવાથી અગમચેતીના ભાગરૂપે વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં પ્રિ-મોન્સુન તૈયારી અંગેની બેઠક મળી હતી. જેમાં કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારીઓને પોતાની જવાબદારી સુપેરે નિભાવવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

પ્રિ-મોન્સુન તૈયારી અંગેની બેઠકમાં કલેક્ટર ભવ્ય વર્માએ પ્રિ-મોન્સુન અંગેની કામગીરી સુવ્યવસ્થિત રીતે થઈ શકે તે માટે ચાલુ માસમાં કુલ ચાર મીટિંગો કરવામાં આવશે એવુ જણાવ્યું હતું. જિલ્લાના દરેક તાલુકામાં આવેલી નદીઓને અસરગ્રસ્ત જે ગામો હોય તેનું લિસ્ટ બનાવી જે તે ગામના સરપંચ - તલાટી અને સ્કૂલના આચાર્યના નામ અને મોબાઈલ નંબર સાથેનું લિસ્ટ બનાવવાનું રહેશે જેથી સ્થળાંતર કરવાની સ્થિતી આવે તો સરળતાથી સંકલન થઈ શકે. નદી પાસેના જે ગામોમાં હોય તે ગામના તરવૈયાઓની માહિતી પણ તૈયાર રાખવી પડશે. ડૂબાણમાં જતા દરેક કોઝવે આઈડેન્ટીફાઈ કરવાના રહેશે. પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં કોઈ એનજીઓ કાર્યરત હોય તો તેના પણ સંપર્ક નંબર સહિતની માહિતી તૈયાર રાખવાની રહેશે. પૂર સમયે બોટ ચાલુ કન્ડિશનમાં હોય તેની ચકાસણી કરી લેવી, કંટ્રોલ રૂમ ચાલુ રહેવા જોઈએ, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન ક્લિન હોવી જોઈએ, ભયજનક વૃક્ષોનું કટીંગ, દવાનો સ્ટોક, સર્પદંશના બનાવમાં દવા-ઈન્જેકશન, કલોરીનેશનનો સ્ટોક તૈયાર રાખવાનો રહેશે. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ તો અગાઉથી એલર્ટ કરાઈ તે માટે હુટર(સાયરન)ની વ્યવસ્થા સહિત વિવિધ પાસાઓ અંગે કલેક્ટરે દિશા નિર્દેશ કર્યા હતા.

આ બેઠકમાં ડિઝાસ્ટર મામલતદાર એચ.એચ.કાકલોતરે વિવિધ વિભાગની કામગીરી અંગે પ્રેઝન્ટેશન આપી તાલુકાના તાલુકા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન/ વિલેજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન/ સિટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તા.૧૫/૦૫/ ૨૦૨૬ સુધીમાં સરકારના સ્ટેટ ડિઝાસ્ટર રિસોર્સ નેટવર્ક ઉપર અપડેટ કરવા જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા તેમજ જિલ્લાના તમામ પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારી, નગરપાલિકાના ચીફ ઓફિસરો તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.